RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 323* Date: 20.09.2021 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# કોવેક્સિન રસીને પાંચ ઓક્ટોબરે મંજૂરી અપાશે

વોશિંગ્ટન , તા.૧૯

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ અને નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ વાયરોલોજીના સહકારમાં હૈદરાબાદ સ્થિત કંપની ભારત બાયોટેક દ્વારા કોવાક્સિન રસી વિકસાવવામાં આવી છે. દરમ્યાન યુએસએમાં એફડીએ દ્વારા ૬૫ વર્ષ કરતાં વધારે વયના વ્યક્તિઓને ફાઇઝર-બાયોએનટેકની કોરોના રસીના બંને ડોઝ લીધાના છ મહિના બાદ બૂસ્ટર ડોઝ આપવાનો નિર્ણય સલાહકાર સમિતિ સ્તરે લેવામાં આવ્યો છે. દરમ્યાન યુકેમાં આરોગ્ય પ્રધાન સાજિદ જાવેદે યુકેની હોસ્પિટલોમાં આવતા સપ્તાહથી રોનાપ્રિવ નામની એન્ટીબોડી સારવાર ઉપલબ્ધ થશે તેવી જાહેરાત કરી હતી. ગયા વર્ષે યુએસના ભૂતપૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને કોરોનાને ચેપ લાગ્યો ત્યારે તેમને આ રોનાપ્રિવ નામની એન્ટીબોડી સારવાર આપવામાં આવી હતી. શરૂઆતમાં કોરોના વાઇરસ સામે જેમનામાં એન્ટીબોડી રિસ્પોન્સ પેદાં ન થયો હોય તેમને બે મોનોક્લોનલ એન્ટીબોડીનું કોમ્બિનેશન રોનાપ્રિવ આપવામાં આવશે. ખાસ કોરોનાની સારવાર માટે જ બનાવવામાં આવેલી રોનાપ્રિવ એ પહેલી એન્ટીબોડી મેડિસિન છે જેને યુકેમાં વાપરવા માટે મેડિસિન એન્ડ હેલ્થકેર પ્રોડક્ટસ રેગ્યુલેટરી એજન્સીની મંજૂરી મળી છે. આ ઉપરાંત નેશનલ હેલ્થ સર્વિસ દ્વારા ટોસિલીઝુમાબ અને સેરીલુમાબ નામની એન્ટીબોડી સારવારોને પણ શરૂ કરવામાં આવી છે. કોરોનાનો દર્દી આઈસીયુમાં પ્રવેશે અને ૨૪ કલાકમાં જ તેને આ સારવાર આપવામાં આવે તો મરણનું જોખમ ૨૪ ટકા ઘટે છે.દુનિયામાં કોરોનાના નવા બે લાખ કરતાં વધારે કેસો નોંધાવાને પગલે કોરોનાના કુલ કેસોની સંખ્યા વધીને ૨૨૮,૫૮૭,૪૪૯ થઇ હતી જ્યારે ૩,૪૪૭ જણાના મોત થવાને પગલે કોરોનાનો કુલ મરણાંક ૪૬,૯૫,૭૯૮ થયો હતો. ગઈકાલે યુએસએમાં કોરોનાના નવા ૧,૫૭,૯૨૫ કેસો નોંધાયા હતા અને ૧૯૩૮ જણાના મોત થયા હતા. યુએસએમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૪૨,૮૦૦,૪૯૪ થઇ છે જ્યારે મરણાંક ૬,૯૦,૭૧૫ થયો છે. કોરોના મહામારીમાં જે દેશોમાં ૫૦ લાખ કરતાં વધારે કેસો નોંધાયા છે તેવા દેશોમાં યુએસએ ૪૨,૭૯૯,૯૦૭, ભારત ૩૩,૪૧૭,૩૯૦, બ્રાઝિલ ૨૧,૧૦૨,૫૩૬, યુકે ૭૪,૦૦,૭૩૯, રશિયા ૭૨,૫૪,૭૫૪, ફ્રાન્સ ૭૦,૨૯,૯૫૯, તુર્કી ૬૭,૯૪,૭૦૦, ઈરાન ૫૪,૦૮,૮૬૦ અને આર્જેન્ટિના ૫૨,૩૭,૧૫૯નો સમાવેશ થાય છે. જે દેશોમાં કોરોનાનો કુલ મરણાંક સવા લાખ કરતાં હોય તેવા દેશોમાં યુએસએ ૬,૯૦,૭૧૫, બ્રાઝિલ ૫,૮૯,૭૪૪, ભારત ૪,૪૪,૫૬૩, મેક્સિકો ૨,૭૦,૫૩૮, પેરૂ ૧,૯૮,૯૪૮, રશિયા ૧,૯૭,૪૨૫, ઈન્ડોનેશિયા ૧,૪૦,૩૨૩, યુકે ૧,૩૫,૩૧૨, ઇટાલી ૧,૩૦,૨૮૪ અને કોલંબિયા ૧,૨૫,૮૨૬નો સમાવેશ થાય છે. દરમ્યાન વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા હૈદરાબાદની ભારત બાયોટેક દ્વારા વિકસાવવામાં આવેલી કોરોનાની રસી કોવાક્સિનને ઈમરજન્સીમાં વાપરવાની મંજૂરી આપવાનો નિર્ણય પાંચ ઓક્ટોબર સુધી વિલંબમાં પડે તેમ લાગે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાના કોવાક્સિનને મંજૂરી આપનાર સ્ટ્રેટેજિક એડવાઈઝરી ગ્રુપ ઓફ એક્સપર્ટસ ઓન ઈમ્યુનાઈઝેશન -સેજ ની બેઠક પાંચમી ઓક્ટોબરે યોજાશે. સેજના સભ્ય હાન્ના નોહિનેકે જણાવ્યું હતું કે આ બેઠકમાં કોવાક્સિનના પ્રથમ, બીજી અને ત્રીજી ટ્રાયલનો ક્લિનિકલ ડેટા તથા સેફટી, ઈમ્યુનોજિનેસિટી, એફિકસી અને ઈફેકટ્વિનેસ વિશેની પોસ્ટ




માર્કેટિંગ સ્ટડીઝ પણ રજૂ કરવામાં આવશે જેના આધારે સેજ તેને મંજૂરી આપવાની ભલામણ કરશે. ભારત બાયોટેક દ્વારા જણાવવામાં આવ્યું હતું કે કોવાક્સિનનો ક્લિનિકલ ટ્રાયલ ડેટા એકત્ર કરી લેવાયો છે અને તે જુન ૨૦૨૧થી ઉપલબ્ધ છે. આ ડેટાને જુલાઈના આરંભે મંજૂરી માટે સુપરત કરવામાં આવ્યો છે. અન્ય રસીઓ માટે મંજૂરી મેળવનાર જવાબદાર રસી ઉત્પાદક તરીકે અમે મંજૂરીની પ્રક્રિયા કે તેના માટે લાગતા સમય બાબતે કોઈ ટિપ્પણી કરવા માગતાં નથી.

### તાલિબાનોના વાહનોને નિશાન બનાવીને શ્રેણીબદ્ધ ત્રણ વિસ્ફોટ થયા હતા

# અફઘાનિસ્તાનના નંગરહારમાં વિસ્ફોટમાં ૩નાં મોત

અફઘાનિસ્તાન , તા.૧૯

અફઘાનિસ્તાનમાં ૨૦ વર્ષ પછી સત્તા પર પાછા આવેલા તાલિબાનોએ ઉત્તરીય જવર્જાન પ્રાંતના તેલા તાપા વિસ્તારમાં ૨,૦૦૦ વર્ષ જૂના બેક્ટ્રિયન ગોલ્ડનો ખજાનો શોધવા માટે અભિયાન શરૂ કર્યું છે. તાલિબાનના માહિતી અને સંસ્કૃતિ મંત્રાલયે કહ્યું કે તેમણે બેક્ટ્રિયન ખજાનાને ટ્રેક કરવા અને તેની ભાળ મેળવવાના પ્રયાસ શરૂ કર્યા છે. બેક્ટ્રિયન ખજાનો બેક્ટ્રિયન ગોલ્ડ નામથી પણ ઓળખાય છે. ચાર દાયકા પહેલા શેરબર્ગન જિલ્લામાંથી આ ખજાનો શોધાયો હતો. ટોલો ન્યૂઝે તાલિબાનની વચગાળાની કેબિનેટના સાંસ્કૃતિક મંત્રાલયના ઉપપ્રમુખ અહમદુલ્લા વાસિકને ટાંકીને કહ્યું કે તેમણે બેક્ટ્રિયન ખજાનો શોધવાના આદેશો આપી દીધા છે. આ ખજાનો અફઘાનિસ્તાનની બહાર લઈ જવાયો હશે તો તે દેશદ્રોહ ગણાશે. નેશનલ જ્યોગ્રાફિક મુજબ બેક્ટ્રિયન ખજાનમાં પ્રાચીન દુનિયાના હજારો સોનાના ટૂકડા હોય છે. ઈ.સ. પૂર્વેની પહેલી સદીથી લઈને ઈ.સ. સદી સુધીમાં છ કબરોમાં ૨૦,૦૦૦થી વધુ વસ્તુઓ મળી આવી હતી, જેમાં સોનાની વીંટી, સીક્કા, હથિયાર, ઝુમકા, બંગડીઓ, હાર, હથિયાર અને મુકુટનો સમાવેશ થાય છે. સોના ઉપરાંત તેમાં ફિરોઝા, કારેલિયન અને લેપિસ લાજુલી જેવા કિંમતી પથ્થરોનો પણ સમાવેશ થાય છે.અમેરિકન સંરક્ષણ મંત્રી લોઈડ ઓસ્ટિને કાબુલમાં થયેલા ડ્રોન હુમલા માટે માફી માંગી હતી. તેમણે કહ્યું કે હું ડ્રોન હુમલામાં માર્યા ગયેલા લોકોના પીડિત પરિવાર પ્રત્યે મારી ગંભીર સંવેદના વ્યક્ત કરું છું. અમારી ભૂલ બદલ અમે માફી માગીએ છીએ અને આ ભયાનક ભૂલમાંથી બોધપાઠ શીખવાનો પ્રયાસ કરીશું.અફઘાનિસ્તાનના પૂર્વીય નંગરહાર પ્રાંતના પાટનગર જલાલાબાદમાં તાલિબાનોને નિશાન બનાવીને શ્રેણીબદ્ધ ત્રણ વિસ્ફોટો થયા હતા, જેમાં ત્રણ લોકોના મોત નીપજ્યાં હતા અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. બીજીબાજુ ગયા મહિનાના અંતમાં કાબુલ એરપોર્ટ પર થયેલા આતંકી હુમલાના હુમલાખોરોને મારવા માટે અમેરિકાએ કાબુલમાં કરેલા હવાઈ હુમલામાં ૧૦ લોકો માર્યા ગયા હતા. આ લોકો આતંકીઓ નહીં પરંતુ નાગરિકો હોવાની અમેરિકાએ કબૂલાત કરી હતી. અફઘાનિસ્તાનના નંગરહાર પ્રાંતના જલાલાબાદમાં તાલિબાનોના વાહનોને નિશાન બનાવીને શ્રેણીબદ્ધ ત્રણ વિસ્ફોટ થયા હતા. આ હુમલાની હજુ સુધી કોઈએ જવાબદારી સ્વીકારી નથી, પરંતુ ઈસ્લામિક સ્ટેટે આ હુમલા કરાવ્યા હોવાનું મનાય છે. પૂર્વીય અફઘાનિસ્તાન ઈસ્લામિક સ્ટેટનો ગઢ છે અને તે તાલિબાન શાસકોના નવા દુશ્મન છે. આ હુમલામાં માર્યા ગયેલા લોકો અને ઈજાગ્રસ્તોમાં તાલિબાનના અધિકારીઓ છે કે નહીં તે સ્પષ્ટ થઈ શક્યું નથી. દરમિયાન કાબુલમાં પણ એક બોમ્બ વિસ્ફોટમાં બે લોકો ઘાયલ થયા હતા. કાબુલમાં બોમ્બ વિસ્ફોટ કોને નિશાન બનાવીને કરાયો હતો તે સ્પષ્ટ થઈ શક્યું નથી અને આ હુમલાની જવાબદારી પણ કોઈએ લીધી નથી. દરમિયાન કાબુલ એરપોર્ટ પર થયેલા હુમલાના જવાબમાં અમેરિકાએ ૨૯મી ઑગસ્ટે કાબુલમાં એક ડ્રોન હુમલો કર્યો હતો. આ હુમલામાં કાબુલ એરપોર્ટ પર હુમલો કરનારા આઈએસ-ખોરાસનના આતંકીઓ માર્યા ગયા હોવાનો અમેરિકાએ દાવો કર્યો હતો. જોકે, હવે અમેરિકન સંરક્ષણ મંત્રાલયે પેટાગોને કબૂલ્યું હતું કે, કાબુલમાં ડ્રોન હુમલામાં માર્યા ગયેલા ૧૦ લોકો આતંકીઓ નહીં, પરંતુ નાગરિકો હતા અને તેમને આઈએસ-ખોરાસન સાથે કોઈ સંબંધ નથી તેમજ તેમનાથી અમેરિકન સૈન્યને કોઈ જોખમ નહોતું.

# ગુલામીની અંગ્રેજી પ્રણાલી હજુ પણ કોર્ટમાં ચાલુ છે : સીજેઆઈ રમના

નવી દિલ્હી , તા.૧૯

સીજેઆઈ રમનાએ પોતાની ચર્ચામાં ગામના એક પરિવારનો ઉલ્લેખ કરતા કહ્યુ કે ગ્રામીણ વિસ્તારના લોકો અંગ્રેજીમાં થનારી કાયદાકીય કાર્યવાહીને સમજી શકતા નથી, એવામાં તેમને વધારે રૂપિયા ખર્ચ કરવા પડે છે. તેમણે કહ્યુ જો ગામનો કોઈ પરિવાર પોતાનો વિવાદ ઉકેલવા કોર્ટમાં આવે તો ત્યાં સંકલન કરવામાં અસમર્થ હોય છે. મોટાભાગની દલીલો અંગ્રેજીમાં હોવાથી તેઓ સમજી શકતા નથી. કોર્ટની કાર્યવાહી એટલી જટિલ હોય છે કે ક્યારેક-ક્યારેક લોકો ખોટા અર્થ સમજી લે છે, તેમને કોર્ટની કાર્યવાહી સમજવા માટે વધારે રૂપિયા ખર્ચ કરવા પડે છે. જસ્ટિસ રમનાએ કોર્ટની કાર્યવાહીને પારદર્શક અને જવાબદાર બનાવવા પર ભાર



મૂક્યો અને કહ્યું કે આ માટે જજ અને વકીલે સાથે મળીને એવુ વાતાવરણ તૈયાર કરવુ જોઈએ જે સામાન્ય લોકો માટે અનુકૂળ હોય. દેશની ન્યાય વ્યવસ્થાને લઈને સીજેઆઈ એન વી રમનાએ મોટુ નિવેદન આપ્યુ છે. ન્યાય વ્યવસ્થામાં ન્યાય મળવામાં મોડુ થતા સતત પ્રશ્ન ઉઠતા રહ્યા છે, પરંતુ હવે મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ એન.વી. રમણાએ આપણી ન્યાય વ્યવસ્થામાં અન્ય ખામી તરફ ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યો છે. તેમના અનુસાર અમારી ન્યાય વ્યવસ્થા અંગ્રેજોના સમયની છે અને આનું ભારતીયકરણ કરવાની જરૂર છે. સામાન્ય લોકોની આ મુશ્કેલીને સમજતા ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા જસ્ટિસ એનવી રમનાએ અમારી ન્યાય વ્યવસ્થાનુ ભારતીયકરણ કરવા પર જોર આપ્યુ છે. બેંગલુરૂમાં એક કાર્યક્રમ દરમિયાન તેમણે કહ્યુ કે દેશમાં હજુ પણ ગુલામીના સમયની ન્યાય વ્યવસ્થા છે અને આ આપણા લોકો માટે યોગ્ય નથી. જસ્ટિસ એનવી રમનાએ કહ્યુ, અમારી ન્યાય વ્યવસ્થામાં સામાન્ય લોકોને ન્યાય મેળવવામાં ઘણી અડચણો આવે છે. આપણી કોર્ટોની કાર્યપ્રણાલી ભારતની જટિલતાની સાથે મેળ ખાતી નથી. વર્તમાન વ્યવસ્થા વસાહતી સમયગાળાની છે અને આ આપણા લોકો માટે યોગ્ય નથી.

## ૮૫% ક્ષમતા સાથે થઈ શકશે હવાઈ મુસાફરી : મંજૂરી આપી

નવી દિલ્હી , તા.૧૯

દેશમાં જ્યારે કોરોનાના કેસ ચરમસીમાએ હતા ત્યારે હવાઈ યાત્રા પર સંપૂર્ણપણે પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. ત્યાર બાદ મુસાફરોની સંખ્યા તબક્કાવાર વધારવામાં આવી હતી. ગત વર્ષે મંત્રાલયે ૩૩ ટકા ક્ષમતા સાથે ફ્લાઈટ સંચાલનની મંજૂરી આપી હતી.

આ વર્ષે એક જૂનથી ૫ જુલાઈ સુધી આ ક્ષમતાને ૫૦ ટકા કરવામાં આવી હતી. ત્યાર બાદ ૫ જુલાઈથી ૧૨ ઓગષ્ટ સુધી વધારીને ૬૫ ટકા કરવામાં આવી હતી. નવો આદેશ લાગુ થયો તે પહેલા મુસાફરોની ક્ષમતા ૭૨.૫ ટકા હતી. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે શનિવારે એરલાઈન્સ કંપનીઓ અને મુસાફરોને ભારે મોટી રાહત આપી હતી. હવેથી ૮૫ ટકા મુસાફરોની ક્ષમતા સાથે હવાઈ યાત્રા થઈ શકશે.

# દેશનું પહેલુ એવું રાજ્ય જ્યાં વિપક્ષ નહીં : તમામ દળો એક થયા

નવી દિલ્હી , તા.૧૯

નાગાલેન્ડે દેશના ઈતિહાસમાં એક સુવર્ણ અધ્યાય જોડી દીધો છે. હવે ત્યાં વિપક્ષ રહિત સરકાર ચાલશે. રાજધાની કોહિમા ખાતે સર્વદળીય બેઠકમાં તેના પર અંતિમ મહોર લાગી હતી. સત્તા પક્ષ અને વિપક્ષે મળીને કામ કરવાનો નિર્ણય લીધો હતો. નાગાલેન્ડમાં વિપક્ષ રહિત સરકાર માટે સંયુક્ત લોકતાંત્રિક ગઠબંધન (UDA)નું નામકરણ થયું છે. એનડીપીપી, બીજેપી, એનપીએફ અને અપક્ષ ધારાસભ્યોના પાર્ટી નેતાઓ અને ધારાસભ્યોએ સર્વસંમતિથી આ નિર્ણય લીધો છે. નાગાલેન્ડ સરકારની પ્રવક્તા નીબા ક્રોનૂના કહેવા પ્રમાણે ધારાસભ્યો આગામી થોડા દિવસોમાં જ UDAના ગઠન માટે વિધાનસભા અધ્યક્ષને પત્ર લખશે. પહેલા એવી જાહેરાત કરવામાં આવી હતી કે, નવી સરકારને નાગાલેન્ડ સંયુક્ત સરકાર કહેવામાં આવશે પરંતુ ક્રોનૂના કહેવા પ્રમાણે શનિવારની બેઠક દરમિયાન એવું નક્કી કરવામાં આવ્યું કે, નવી સરકારનું નામ યુડીએ જ વધારે ઉપયુક્ત હશે. રાજકારણમાં સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચેનું ઘમસાણ એ સામાન્ય વાત છે પરંતુ ભારતમાં હવે એક એવું પણ રાજ્ય છે જ્યાં વિપક્ષ વગર જ સરકાર ચાલશે.

આ રાજ્ય દેશનું પૂર્વોત્તર નાગાલેન્ડ રાજ્ય છે. નાગાલેન્ડ દેશનું એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં વિપક્ષ વગર જ સરકાર ચાલશે. મોટા રાજકીય બદલાવના ક્રમમાં તમામ પાર્ટીઓએ એક સાથે મળીને સરકાર ચલાવવાનો નિર્ણય લીધો છે. નાગાલેન્ડ વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરનારા તમામ રાજકીય દળોએ કોહિમા ખાતે એક સર્વદળીય સરકારની રચનાને અંતિમ સ્વરૂપ આપ્યું હતું. આ સાથે જ સત્તા પક્ષ અને તમામ વિપક્ષી દળોએ હાથ મિલાવી લીધો છે.

સદને સંકલ્પ લીધો હતો કે, નવી સરકાર સંયુક્ત લોકતાંત્રિક ગઠબંધન તરીકે ઓળખાશે. આ ગઠબંધનમાં ભારતીય જનતા પાર્ટી પણ સામેલ છે. હકીકતે નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફિયૂ રિયોની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં વિપક્ષ રહિત સરકાર અપનાવવા માટેનો પ્રસ્તાવ સર્વસંમતિથી પાસ કરવામાં આવ્યો હતો.

# કેન્દ્રનો આદેશ રાજ્યોને કોરોનાની ત્રીજી લહેર સામે તૈયારી રાખો

નવી દિલ્હી , તા.૧૯

કોરોનાની ત્રીજી લહેર આવવાની આશંકા છે ત્યારે કેન્દ્ર સરકારે રાજ્યોને કહ્યું છે કે તહેવારોના સમયે કોરોના પ્રોટોકોલના અમલનું યોગ્ય રીતે પાલન થવું જોઈએ. સાથે જ ત્રીજી લહેરની દહેશતને પગલે દવાઓ અને જરૂરી સ્વાસ્થ્ય સેવાઓની પુરતી વ્યવસૃથા કરી લેવામાં આવે.ભારતમાં કોરોનાના નવા ૩૫,૬૬૨ કેસો સામે આવ્યા હતા. જયારે કોરોનાથી વધુ ૨૮૧ લોકોના મોત નિપજયા છે. અને કુલ મૃત્યુઆંક વધીને ૪.૪૪ લાખને પાર જતો રહ્યો છે. બીજી તરફ એક્ટિવ કેસો વધીને ૩.૪૦ લાખને પાર જતા રહ્યા છે. જયારે કોરોનાનો રીકવરી રેટ વધીને ૯૭.૬૫ ટકાએ પહોચ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં એક્ટિવ કેસોમાં ૧૫૮૩નો જ વધારો થયો છે જે અગાઉના દિવસો કરતા ઘણો જ ઓછો છે. બીજી તરફ દેશમાં કોરોનાની રસીના ૮૦ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. રવિવારે જ રસીના ૭૭.૨૫ લાખ ડોઝ આપવામાં આવ્યા હતા.

માત્ર ૧૧ દિવસમાં જ રસીના ૧૦ કરોડ ડોઝ આપી દેવાયા છે. બીજી તરફ નિષ્ણાતોનું કહેવુ છે કે ભારતમાં હાલની સ્થિતિ મુજબ કોવિડ બૂસ્ટર આપવાની કોઇ જ જરૂર નથી. કેમ કે જે રસી આપવામાં આવી રહી છે તેની લોકો પર યોગ્ય અસર થઇ રહી છે અને તે કોરોનાથી રક્ષણ મેળવવા માટે હાલ પુરતી છે. હાલ તહેવારોનો સમય નજીક આવી રહ્યો છે.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## તંત્રી સ્થાનેથી...

# ગુજરાતમાં નવી સરકાર સ્કૂલની ફીમાં રાહત આપશે કે નહિં ??



કોરોના કારણે પાછલું આખુ વર્ષ રાજ્યની સ્કૂલોમાં ઓફલાઈન શિક્ષણકાર્ય થયુ નથી, જેથી વાલીઓએ સંપૂર્ણ અથવા ૫૦ ટકા ફી માફ કરવાની માગ કરી હતી. પરંતુ રૂપાણી સરકારે વાલીઓને માત્ર ૨૫ ટકા જ રાહત આપી હતી. બીજી તરફ વાલીઓના ધંધા-રોજગાર છૂટી જતાં તેઓ આર્થિક કટોકટીમાં આવી ગયા હતા. નવા વર્ષ-૨૦૨૧-૨૨ના શૈક્ષણિક વર્ષમાં ખાનગી સ્કૂલોની ફીમાં વાલીઓને ૫૦ ટકા રાહત મળવી જોઈએ તેવી રાજ્યવ્યાપી માગ ઉઠી હતી.રાજ્યના જુદા જુદા વાલી મંડળોએ પણ અનેક વખત લેખિત રજૂઆત કરી હતી. વારંવાર રજૂઆતો થતાં સરકારે જાહેરાત કરી હતી કે, જ્યાં સુધી શાળાઓ શરૂ ના થાય ત્યાં સુધી પાછલા વર્ષે મળેલી રાહત યથાવત રહેશે. પરંતુ સંચાલકોનું દબાણ આવતાં શિક્ષણ વિભાગે આ અંગે લેખીત કોઈ પરિપત્ર કર્યો જ નથી.આ અંગે વાલીઓનું કહેવું છે કે સ્કૂલો બંધ હતી ત્યારે એને થતા લાઈટબિલ, સ્ટેશનરી, ઘસારો સહિતના ખર્ચા ઘટ્યા છે, જેની સામે વાલીઓને નવા મોબાઈલ, ટેબ્લેટ, લેપટોપ, ઈન્ટરનેટ સહિતના ખર્ચા વધ્યા છે. ૨૫ ટકા ફી માફી તો ગયા વર્ષે પણ કરવામાં આવી હતી. તો આ વર્ષે ૫૦ ટકા ફી માફી કરવી જોઈએ, જેથી વાલીઓને રાહત મળે. હવે સ્કૂલો ખુલી છે પરંતુ વિદ્યાર્થીઓની સંખ્યામાં હજી વધારો નથી થયો. જેથી સ્કૂલોના ખર્ચા પણ ઘટ્યા છે.ગત વર્ષે પણ ફી માફીની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ ઘણી સ્કૂલોએ ફી માફ કરી નહોતી. આ વર્ષે પણ ફી માફીની માત્ર જાહેરાત કરવામાં આવી છે. શિક્ષણમંત્રીની જાહેરાત બાદ કોઈ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો નથી, જેથી સ્કૂલો દ્વારા પૂરી ફી વસૂલવામાં આવી રહી છે. સરકાર વાલીઓને લોલીપોપ આપી રહી છે, જ્યારે સંચાલકોને વહાલી થવા હજુ પરિપત્ર જાહેર કરતી નથી, જેનો ફાયદો સંચાલકો ઉઠાવી રહ્યા છે. એવું ગુજરાત વાલી એકતા મંડળ દ્વારા અગાઉ કહેવામાં આવ્યું હતું.કોરોના મહામારી દરમિયાન માર્ચ ૨૦૨૦થી સમગ્ર દેશમાં લોકડાઉન લગાવવામાં આવ્યું હતું. આ દરમિયાન સૌથી મોટી અસર શિક્ષણ પર પડી હતી.સ્કૂલો કોલેજોમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરીને ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન રૂપાણી સરકારના શિક્ષણમંત્રીએ સ્કૂલ ફીમાં ૨૫ ટકાની રાહત આપવાની મૌખીક જાહેરાત કરી હતી. આ જાહેરાત સંદર્ભે લેખિત પરિપત્ર નહી કરી તેને છેલ્લે સુધી લટકાવી રાખ્યો હતો. સરકાર અને સ્કૂલો સામે વાલીઓ ફીમાં રાહત મેળવવા રોષે ભરાયા હતાં. હવે નવી સરકાર કોઈ રાહત ભર્યો નિર્ણય કરશે તેવી વાલીઓને ફરી એક વાર આશા બંધાઈ છે.

## INDIA'S JOURNALIST COMMUNITY

*The country has still a good bulk of professionally skilled journalist who are not only politically savvy columnist but love Indian democracy. But, their kind of breed is either subdued in fear or becoming a 'rare endangered species' in the Indian politics.*

Buddhdev Pandya MBE | THOUGHT OF THE DAY | JUNE 29, 2018



The Indian journalist and the political columnists have almost lost the appetite for political reality. Their political interests seemed to end at the door steps of the 'piper who pays' for the tune, rather then the bigger picture that faces the country. Yes, it sounds a bit harsh and could be labelled by some as 'anti-national' but the pattern has emerged to confirm, worst at time! However, the country has still a good bulk of professionally skilled journalist who are not only politically savvy columnist who love India and its democracy. But, their kind of breed is either subdued in fear or becoming a 'rare endangered species' in the Indian politics.

In journalism, everything that moves has to have a story value. For the life-less bodies such as historical monuments, even we have to write stories to fit in with the 'emotional euphoria' that could be paddled as a flavour of the month. This distorts the history in making and heritage misrepresented to help those politically inclined to rewrite their 'saga' for influencing generations.

We, the journalists and writers now a day seemed to have succumbed to a habit of shallow observations and allowed being dictated for what to say and not to write. The gift of skill and the freedom we enjoy are being devalued by the capitulation with the others.

Our clan failing the generation that depends upon the writers, journalists and columnists to hold a mirror before our society to show the real images of the beauty and ugliness of our politics, social and welfare features. We forget the principals of 'the literature and art being the reflection of the society' instead we paint a falsehood. Unreal and most artificial face to make our society and the generation that lives in it as a 'clown' that is created to please everyone momentarily.

A decent society is built on the norms of the values for fairness and justice guided by the laws of the land made by a democratically elected bunch representing the people of the land. It is here we enjoy the freedom to learn, understand and express ourselves at our will. Its independence is an unparallel given gift to the journalists, writers and artists, if deprived would help destroy the only source for airing 'people's interest' for seeking redress and engage in improving the society around them. We should seek political morality.


In the developed democracy the stability and progress of the nation is defined by the effective functions of the parliament. Not just having both Houses meetings but the accountability process is seen to be in full swing; regardless of the ruling party having a good majority. We hardly see political debate of select committees or on its findings, only selected leaks shrouded in remarks carefully crafted soundbites sounding like 'favourable comments' by the reporters. This approach in India is equated with democracy and blame others for it not working!

The fact is that we are failing the 'growth' of our young democracy by frustrating debate on major issues affecting economy, budget, employment along with effective monitoring of service delivery or accountability on expenditure. Media has a moral duty of facilitate debate to allow exposure of all aspects of issues to form or not to form consensus. We have become partisan and subjective towards wind to give those who shout the 'loudest'; a voice rather than to providing forums for debate.

Our criminal justice, banking and public service is virtually in a verge of chaos while public sector is taken over by the private sector benefits with most of the efficiency is reduced to a hidden culture of corruption. We spend more time to debate Gandhi's Emergency or Nehru's background or Padmavati! Our focus is on a young politician whose party still has to win the next general election and not evaluating the promises of good governance made or economic performances of the present administration.

We have lost the acute sense of seeing, hearing and understanding what is known as 'the public interest' for playing 'devils advocate' amongst the crooked politicians, unscrupulous businesses and many of the social evils that lay in hidden in the society as spiritual leaders. But, we love India. □

buddhdev.pandya@gmail.com



અમદાવાદ - ગાંધીનગર હાઈવે પર આવેલા પ્રસિદ્ધ વૈષ્ણોદેવી મંદિરમાં તાળું તોડી અજાણ્યા ચોરો દ્વારા ચોરી કરવામાં આવી હતી જેમાં ૫૦૦ ગ્રામ વજનનું ચાંદીનું યંત્ર અને પગલા (પાદુકા)ઓ મળી કુલ ૩.૮૬ લાખની ચોરી થયાનું સંચાલકો દ્વારા અડાલજ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધવામાં આવી છે.

# અંબાજી ખાતે ભક્તિમય માહોલ, લાલ ડંડા સંઘ અને રાજકોટ સંઘ અંબાજી પહોંચ્યો



શકિતપીઠ અંબાજી ગુજરાત અને રાજસ્થાનની સરહદે આવેલું જગતજનની માં અંબા નું પ્રાચીન અને પૌરાણિક મંદિર છે. હાલમાં કોરોના કહેર ઓછો થતા ભકતો ઘરે થી બહાર આવી રહ્યાં છે અને દેવ દર્શન કરી રહ્યા છે. હાલમાં ભાદરવી પૂનમ નિમિત્તે ભક્તો પગપાળા ચાલતા ચાલતા અંબાજી તરફ આવી રહ્યા છે અને બોલ મારી અંબે જય જય અંબે નો નાદ અરાવલી પર્વતમાળાની વચ્ચે સાંભળવા મળી રહ્યો છે ત્યારે છેલ્લાં ૧૮૭ વર્ષ થી અમદાવાદ નો પ્રસિદ્ધ લાલ ડંડા સંઘ અંબાજી પહોંચ્યો હતો અને મંદિરની શીખર પર ધજા ચઢાવી હતી આ સંઘે ૧૮૮ વર્ષ મા પ્રવેશ કર્યો હતો.આજે અંબાજી મંદિર ખાતે રાજકોટ નો સંઘ રંગબેરંગી કપડા પહેરીને આવ્યો હતો આ સંઘ છેલ્લા ૨૦ વર્ષ થી ૪૧૫ કિલોમીટર દૂર થી આવે છે. આ ભક્તો ૭ તારીખ ના રોજ રાજકોટ થી નીકળ્યા હતા અને ૧૮ સપ્ટેમ્બર ના રોજ અંબાજી પહોંચી આજે ૧૯ સપ્ટેમ્બર ના રોજ અંબાજી મંદિર ખાતે રંગબેરંગી કપડા પહેરીને ગરબા રમતા રમતા મંદિર તરફ પ્રયાણ કર્યું હતું અને મંદિરના ચાચર ચોકમાં આવી ગરબા રમી ધજા મંદિર પર ચઢાવી હતી આ સંઘ મા કુલ ૧૨૫ સભ્યો જોડાયેલા છે જેમાં ૭૦ મહિલાઓ જોડાયેલી છે. અંબાજી મંદિર ખાતે ૨૦ સપ્ટેમ્બર ભાદરવી પૂનમે દર્શન કરવા મોટી સંખ્યામાં ભક્તો આવી રહ્યા છે. ટ્રસ્ટ તરફથી અને ગુજરાત સરકાર ના ગૃહ વિભાગ તરફથી ગાઇડ લાઇન નું પણ પાલન થઈ રહયું છે અને મંદિર ખાતે બાધા આખડી માટે મંદિર ખુલ્લુ રાખવામાં આવ્યું છે. અંબાજી મંદિર ને રંગબેરંગી લાઈટો થી શણગારવામાં આવ્યું છે અને રંગબેરંગી ફુગ્ગાઓ થી પણ શણગારવામાં આવ્યું છે. હડાદ થી અંબાજી અને દાંતા થી અંબાજી નો માર્ગ ખાનગી વાહનો માટે બંદ કરાયું છે.

રિપોર્ટર લક્ષમણ ઠાકોર અંબાજી

# ગુજરાતના દરિયામાંથી ઝડપાયું ૨૫૦ કરોડનું હેરોઇન

ગાંધીનગર , તા.૧૯

થોડા દિવસ અગાઉ પણ કચ્છના મુન્દ્રાબંદર પરથી શંકાસ્પદ એવા કન્ટેનર્સની તપાસ કરતા માદક પદાર્થોનો જંગી જથ્થો ઝડપાયો હતો, જેમાં ૩૦૦૦ કરોડથી વધુના ડ્રગ્સનો પર્દાફાશ કરવામાં આવતા સુરક્ષા એજન્સીઓ પણ ચોંકી ઉઠી હતી. છેલ્લા બે વર્ષથી સિરક્રીક વિસ્તારમાંથી નશીલા પદાર્થોના પેકેટ્સ મળ્યા છે BSFનાં જવાનો એ હસ્તગત કરેલા આ નશીલા પદાથીના પેકેટ્સ પાકિસ્તાનથી આવતા હોવાની પુષ્ટિ પણ કરી છે. કેટલાક પાકિસ્તાની માછીમારો દરિયામાં માછીમારીની આડમાં ભારતમાં અને ખાસ કરીને ગુજરાતના દરિયાઈ માર્ગેથી નશા જાળ બિછાવી રહ્યા છે.ગુજરાતમાં છ્જી અને કોસ્ટગાર્ડે સંયુક્ત ઓપરેશન હાથ ધરી ભારતીય જળસીમામાંથી ૫૦ કિલો હેરોઇન ઝડપી પાડ્યું છે અને હેરોઇન સાથે ૭ ઈરાની નાગરિકોની ધરપકડ કરી છે. ભારતીય જળસીમાં હેરોઈનની હેરાફેરી મામલે બાતમી મળતા પોલીસ તંત્ર સફાળું જાગ્યું હતું અને હેરોઈનની તસ્કરીનો પર્દાફાશ કર્યો છે.

# રિવરફ્રન્ટ પર વિસર્જન માટે સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ સાર્વજનિક ગણેશ મહોત્સવના પ્રમુખ ગણેશ ક્ષત્રિય એ ગણપતિના તમામ આયોજકોને અપીલ કરી છે કે ચાલુ વર્ષે કોરોનાની મહામારી વચ્ચે પણ સરકારે ગણેશ મહોત્સવ માટે મંજૂરી આપી છે. જ્યારે માટીના ગણપતિનું સ્થળ ઉપર જ પંચામૃતથી અભિષેક કરીને વિસર્જન કરવામાં આવે. આટલું જ નહી જે પાણીમાં ગણપતિનું વિસર્જન કરવામાં આવે તેનો છંટકાવ ઘરમાં કરવો અને માટી કુંડામાં ભરીને તેમાં તુલસીનો કયારો વાવવો. માર્ચ ૨૦૨૦થી કોરોનાના કારણે લગ્ન, રાસ ગરબા સહિતના તમામ કાર્યક્રમો બંધ હોવાથી ડીજે વ્યવસાય સાથે સંકળાયેલા લોકોની હાલત અત્યંત કફોડી બની હતી. પરંતુ ચાલુ વર્ષે રાજ્ય સરકારે ગણેશ મહોત્સવને મંજૂરી આપી હોવાથી ગણેશ વિસર્જનના સરઘસ માટે આયોજકોએ ડીજે બુક કરાવ્યા છે.

જેના કારણે છેલ્લા દોઢ વર્ષથી સંપૂર્ણ બંધ રહેલા ડીજેના વ્યવસાયને જીવતદાન મળ્યું હોવાનું ડીજેના બિઝનેસ સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે.ગણેશ મહોત્સવના છેલ્લા દિવસે શહેરમાં ૭૪૦ સાર્વજનિક ગણેશ સહિત નાના-મોટા મળી ૫૦ હજારથી વધુ મૂર્તિનું મ્યુનિ.એ બનાવેલા ૪૧ કુંડમાં વિસર્જન કરવામાં આવશે. આ વર્ષે ૪ ફૂટથી મોટી મૂર્તિને મંજૂરી ન હોવા છતાં મ્યુનિ. વિવિધ સ્થળે ૨૨ ક્રેન મૂકશે. આ ઉપરાંત ૪૭ જેસીબી અને ૧૨૬ ડમ્પરની વ્યવસ્થા કરાઈ છે. વિસર્જન માટે ફાયર વિભાગના ૧૭૦થી વધુ કર્મચારી હાજર રહેશે. ચાલુ વર્ષે પોલીસે ગણેશ વિસર્જન માટે સરઘસની મંજૂરી આપી હોવાથી તકેદારીના ભાગરૂપે ૧૦ હજાર પોલીસ - સુરક્ષા કર્મચારી તહેનાત રહેશે. પોલીસે સાર્વજનિક ગણેશ વિસર્જનના સરઘસમાં માત્ર ૧૫ વ્યકિતને જોડાવવા માટેની મંજૂરી આપી છે.

આટલું જ નહીં જો ગણેશોત્સવનું સ્થળ અને વિસર્જનનું સ્થળ જુદા જુદા ઝોનમાં આવતુ હોય તો વિસર્જન માટે પોલીસ કમિશનર કચેરીમાંથી મંજૂરી લેવી પડશે. જ્યારે ગણેશોત્સવનું સ્થળ અને વિસર્જનનું સ્થળ એક જ ઝોનમાં આવતું હોય તો સ્થાનિક પોલીસની મંજૂરી લેવી પડશે. જ્યારે ગણપતિ વિસર્જનના સરઘસમાં જોડાનારા ૧૫ માણસોના નામ - સરનામા - મોબાઈલ નંબર સહિતની માહિતી સ્થાનિક પોલીસને આપવી પડશે. અમદાવાદમાં ૨૦૦ જગ્યાએ સાર્વજનિક ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જો કે તમામ જગ્યાએ આયોજકોએ કોરોનાને ધ્યાનમાં રાખીને સરકારની ગાઈડલાઈનનું સારી રીતે પાલન કરાવ્યું હતું.

# સબમરીન સોદો રદ્દ થતાં ફ્રાન્સે રાજદૂતોને પાછા બોલાવ્યા

ફ્રાન્સ , તા.૧૯

૨૦૧૬માં ઓસ્ટ્રેલિયા અને ફ્રાન્સ વચ્ચે પરમાણુ સબમરીન બાબતે ૬૬ અબજ ડોલરનો માતબર રકમનો સોદો થયો હતો. ઓસ્ટ્રેલિયાને ફ્રાન્સની સરકારી કંપની ૧૨ પરમાણુ સબમરીન બનાવીને આપવાની હતી, પરંતુ હિંદ-પ્રશાંત મહાસાગરમાં મજબૂત ભાગીદારી બનાવવાના ભાગરૂપે અમેરિકા-બ્રિટન અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ઓકસ નામનું સંગઠન બન્યું તે વખતે જ ઓસ્ટ્રેલિયાએ ફ્રાન્સ સાથેનો પરમાણુ સોદો રદ્દ કરીને અમેરિકા સાથે નવો કરાર કર્યો હતો. એ અંતર્ગત અમેરિકા ઓસ્ટ્રેલિયાને પરમાણુ સબમરીન આપશે. એ ઘટના પછી તુરંત ફ્રાન્સના વિદેશ મંત્રીએ નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે જેવું વર્તન ટ્રમ્પ કરતાં હતા એવું જ બાઈડેન પણ કરે છે. એ નારાજગી વચ્ચે હવે બંને દેશો સાથે રાજદ્વારી સંબંધો જ કાપી નાખવાની સ્થિતિ સર્જાઈ ગઈ છે. આ ઘટનાથી આંતરરાષ્ટ્રીય રાજકારણમાં મોટા પડઘાં પડે તેવી શક્યતા નકારી શકાતી નથી.હિંદ અને પ્રશાંત ક્ષેત્રમાં ચીનનો પ્રભાવ ઘટાડવા અમેરિકા-ઓસ્ટ્રેલિયા-બ્રિટન વચ્ચે ઓકસ નામનું સંગઠન બન્યું હતું. એના ભાગરૂપે અમેરિકા-ઓસ્ટ્રેલિયા વચ્ચે પરમાણુ સબમરીનનો નવો કરાર થયો હતો. તેના કારણે ઓસ્ટ્રેલિયાએ ફ્રાન્સ સાથે થયેલો સોદો રદ્દ કરી દીધો હતો. ઓસ્ટ્રેલિયાના આ નિર્ણય પછી અકળાયેલા ફ્રાન્સે અમેરિકા-ઓસ્ટ્રેલિયા સાથે રાજદ્વારી સંબંધો કાપી નાખવાનું પગલું ભર્યું છે. ઓસ્ટ્રેલિયા સ્થિત ફ્રાન્સના રાજદૂતે ઓસ્ટ્રેલિયન સરકારને આક્રમક મેસેજ આપતા જણાવ્યું હતું કે અમેરિકા સાથે પરમાણુ સબમરીનનો સોદો કરવાનો ઓસ્ટ્રેલિયાનો નિર્ણય ભૂલ ભરેલો છે. આ પગલું ભરીને ઓસ્ટ્રેલિયાએ ફ્રાન્સ સાથેના સંબંધોને મોટો ફટકો માર્યો છે. એ દરમિયાન ફ્રાન્સના વિદેશ મંત્રીએ એક નિવેદનમાં કહ્યું હતું કે અસાધારણ ગંભીરતાને ધ્યાનમાં લઈને અસાધારણ નિર્ણય લેવો જોઈએ. એના કારણે ફ્રાન્સ ઓસ્ટ્રેલિયા અને અમેરિકામાંથી રાજદૂતોને પાછા બોલાવી લેશે. ફ્રાન્સના વિદેશ મંત્રીની સલાહ પછી પ્રમુખ મેક્રોને એક આદેશ આપીને બંને દેશોના એમ્બેસેડરને પાછા આવી જવાનું કહ્યું છે. ફ્રાન્સે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસનને સંબોધીને નિવેદન આપ્યું હતું કે સ્કોટ મોરિસન પાસેથી આવા વર્તનની અપેક્ષા ન હતી. મિ. મોરિસને બંને દેશોના સંબંધો વધુ મજબૂત બને તેવો નિર્ણય લેવાની જરૂર હતી. તેમણે વધારે પરિપક્વતા દાખવી હોત તો આ સ્થિતિ ન સર્જાઈ હોત.

# કોરોનાના ગાઈડલાઈન સાથે ચારધામ યાત્રા શરૂ કરવામાં આવી

દેહરાદુન, તા.૧૯

ઉત્તરાખંડ હાઈકોર્ટે કોરોના મહામારીને કારણે ચારધામ યાત્રા પર જે સ્ટે મુક્યો હતો તેને હટાવી દીધો છે જેને પગલે રાજ્ય સરકારે આ યાત્રાને ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ દિવસે સાંજે ચાર વાગ્યા સુધીમાં ૪૧૯ લોકો બદ્રીનાથ અને કેદારનાથ પહોંચ્યા હતા. જ્યારે અન્ય ધર્મસ્થળોએ પણ મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા.કોરોનાની ગાઈડલાઈનના પાલન સાથે ચારધામ યાત્રાની શરૂઆત કરી દેવામાં આવી છે. ઉત્તરાખંડમાં આ યાત્રા માટે મોટી સંખ્યામાં યાત્રાળુઓએ આવવાની શરૂઆત કરી દીધી છે. જેને પગલે અહીંનું પર્યટન ક્ષેત્ર પણ ફરી ધમધમવા લાગ્યું છે. દેવસ્થાનમ બોર્ડ મીડિયા ઈનચાર્જ હરીશ ગૌડે કહ્યું હતું કે શનિવારથી મોટી સંખ્યામાં યાત્રાળુઓએ આવવાનું શરૂ કરી દીધુ હતું. મોડી શરૂ થયેલી ચારધામની આ યાત્રા નવેમ્બરના મધ્ય સુધી શરૂ રહેશે. ચારધામ યાત્રા શરૂ થવાને પગલે જે પણ ધર્મસ્થળો છે ત્યાંના વ્યાપારીઓના ચેહરા પર ખુશી જોવા મળી હતી. રાજ્ય સરકાર પર પણ આ ચારધામ યાત્રાને વહેલા શરૂ કરવા માટે દબાણ હતું. જોકે યાત્રાધામના દ્વાર મે મહિનામાં જ ખોલી નાખવામાં આવ્યા હતા.

# પાંચ લાખ વિદેશી ટુરિસ્ટોને ભારત મફત વિઝા આપશે

નવી દિલ્હી , તા.૧૯

પહેલા પાંચ લાખ વિદેશી પર્યટકોને મફત વિઝા આપવામાં આવશે અથવા તો ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી જે પણ પર્યટક આવશે તેમને નિશુલ્ક વિઝા અપાશે.આમાંથી જે શરત વહેલી પૂરી થશે તે લાગુ થશે.દેશમાં સરકારે કોરોનાના કારણે ૨૦૨૦ના માર્ચ મહિનાથી ઈ વિઝા આપવાનુ બંધ કરેલુ છે.કારણકે આ સમયગાળામાં ભારતમાં કોરોનાની બીજી લહેર આવી હતી. દરમિયાન સરકારે ડોમેસ્ટિક ફલાઈટમાં મુસાફરોને કુલ ક્ષમતાના ૮૫ ટકા સુધી બેસાડવા માટે પણ મંજૂરી આપી છે.મે મહિનામાં ફલાઈટો શરુ કરાઈ ત્યારે ૩૩ ટકા મુસાફરોને જ બેસાડી શકાતા હતા.હવે તેમાં વધારો કરી દેવાયો છે.કોરોનાના કારણે ટુરિઝમ સૌથી વધારે પ્રભાવિત થયેલા સેકટરો પૈકીનુ એક છે. જોકે કોરોનાનુ જોર ઓછુ થઈ રહ્યુ છે ત્યારે ભારત સરકાર બહુ જલદી વિદેશી પર્યટકો માટે દેશના દરવાજા ખોલી શકે છે.ટુરિઝમ તેમજ હોટલ ઈન્ડસ્ટ્રીને વેગ આપવા માટે પહેલા પાંચ લાખ વિદેશી પર્યટકોને મફત વિઝા આપવાનુ નક્કી કરવામાં આવ્યુ છે. કેન્દ્રના ગૃહ મંત્રાલયના અધિકારીઓ વિદેશી પર્યટકો માટે દેશના એરપોર્ટ ખોલવા માટેની તારીખ અને ગાઈડલાઈન પર હાલમાં વિચારણા કરી રહ્યા છે.

# ગાંધીનગર જિલ્લામાં પોરા નાશક અભિયાનનો પ્રારંભ



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં વરસાદ પડ્યા પછી છેલ્લા ઘણા સમયથી ધૂપ છાવનાં વાતાવરણનાં કારણે મેલેરિયા, ડેન્ગ્યુની સાથે ચિકનગુનીયાના કેસ પણ સામે આવી રહ્યા છે. ગાંધીનગરના ગ્રામ્ય તેમજ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનીયા જેવા વાહક જન્ય રોગચાળા એ માઝા મૂકી છે. એક અંદાજ મુજબ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં જ દોઢસો જેટલા વાહક જન્ય રોગના દર્દીઓ સામે આવી ચૂક્યા છે.ગાંધીનગર જિલ્લામાં મચ્છરજન્ય રોગ ચાળાને કાબુમાં લેવા આરોગ્ય તંત્ર દ્વારા સ્કૂલ, કોલેજો, રેસ્ટોરન્ટ તેમજ કન્સ્ટ્રક્શન સાઈટ સહિતના એકમો પર અગાઉ ચેકીંગ હાથ ધરી પોરા નાશક કામગીરી કરવામાં આવી હતી. તેમ છતાં ગાંધીનગરમાં મચ્છરજન્ય રોગ ચાળાએ માથું ઊંચકયુ છે. ગાંધીનગરમાં કોરોના કેસ સતત ઘટી ગયા છે, ત્યારે મચ્છરજન્ય બીમારીઓ વધી જવા પામી છે.આજ સવારથી જ કોર્પોરેશન તંત્ર ધ્વારા ડોર ટુ ડોર સર્વે કરી તાવના દર્દીઓની માહિતી એકઠી કરવાની કામગીરીમાં જોતરાઈ ગયું છે. એ સિવાય મચ્છરો ના ઉત્પત્તિ સ્થાનો શોધી કાઢી પોરા નાશક કામગીરી કરવામાં આવી રહી છે. જેનું સીધું મોનીટરીંગ પણ કોર્પોરેશન આરોગ્ય અધિકારી ડો. કલ્પેશ ગોસ્વામી ધ્વારા સતત કરવામાં આવી રહ્યું છે.ગુજરાત રાજ્યમાં કોરોનાના કેસમાં ઘટાડો થયો તો બીજી બાજુ વાહક જન્ય રોગમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. જેને ધ્યાનમાં રાખી રાજયના આરોગ્ય વિભાગના અધિક નિયામક ડો. દિનકર રાવલ દ્વારા તમામ કોર્પોરેશનના કમિશ્નર અને જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારીઓને વાહન જન્ય રોગ અટકાવવા અને જરૂરી સઘન નિયંત્રણ પગલાં ભરવા સુચના આપી અપાઈ છે. જેનાં પગલે આજે ગાંધીનગર જિલ્લામાં ડોર ટુ ડોર ફીવર સર્વેલન્સ તેમજ પોરા નાશક કામગીરીની ખાસ ઝુંબેશ શરૂ કરાઈ છે. વરસાદી સિઝનમાં વાહક જન્ય રોગના દર્દીઓમાં ઉછાળો આવતાં શહેરની લેબોરેટરીઓમાં ડેન્ગ્યુ, મલેરિયા અને ચિકનગુનીયાના રિપોર્ટ વધુ થવા લાગ્યા છે. આ અંગે ખાનગી લેબોરેટરીના સંચાલકે જણાવ્યું હતું કે વરસાદ ની સિઝનમાં મચ્છર જન્ય રોગો વધી ગયા છે. જેનાં કારણે રોજના ૧૫ થી વધુ દર્દીઓ ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનીયાના રિપોર્ટ કરવામાં આવી રહ્યા છે. ત્યારે રાજય જાહેર આરોગ્ય અધિક નિયામક ડો. દિનકર રાવલ ધ્વારા સમગ્ર રાજયમાં ડોર ટુ ડોર ફીવર સર્વેલન્સ તેમજ પોરા નાશકની ખાસ ઝુંબેશ આજે હાથ ધરવાની સૂચનાઓ આપવામાં આવી છે. જે અન્વયે ગાંધીનગર કોર્પોરેશન તંત્ર ધ્વારા આજે સઘન સર્વેલન્સની કામગીરી શરૂ કરાઈ છે. આ ઝુંબેશમાં આરોગ્ય જિલ્લા આરોગ્ય વિભાગના કર્મચારીઓને કામે લગાડી દેવામાં આવ્યા છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની છ રચનાઓ**

**વિષય :." શિક્ષક દિન રચનાઓ(૨૦-૯-૨૦૨૧)દિવસ - ૩**

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

**NOG SS No : 0059**

ર્દ્ગર સાહિત્ય સરિતા (૧)
વિષય: 'શિક્ષક દિવસ'.
પ્રકાર:ગદ્ય
શીર્ષક "શિક્ષાદાતા-મહાદાતા".
શબ્દો:૧૪૬

સમસ્ત વિશ્ર્વમાં અનેક દિવસો
ઉજવાયછે,દરેક ઉજવણીનાં વિશેષ કારણો હોયછે,
પરંતુ આપણા દેશમાં શિક્ષક દિવસની
ઉજવણી એ એક વિશેષ વ્યકતિનાં માન -સન્માન
સાથે સમગ્ર શિક્ષણ ક્ષેત્રે જોડાયેલા
આપણા ગુરુજનોના મહાન ઉપકારનું ઋણ ચૂકવવાનો એક અલ્પ,નમ્ર પ્રયાસ છે.

આપણા જન્મદાતા માતા-પિતા પછી સૌથી વિશેષ
કોઈનું ઋણ આપણા ઉપર હોયતો તે શિક્ષક યાને પરમપૂજ્ય ગુરુજનોનું છે,જેનો દરેક શિક્ષિત વ્યક્તિ ,નમ્રભાવે,સ્વીકાર કરે છે.

જેમ હીરાઘસુ,રફ હીરાને ઘસી ઘસી પાસાં પાડી તેને મૂલ્યવાન બનાવે છે, તેવી જ રીતે આપણને
આપણા ગુરુજનોએ પોતાની જાત ઘસી આપણને આજના લેવલ ઉપર લાવી મૂક્યા હોય છે.
આપણા જીવન ઘડતરમાં
સારા સંસ્કાર અને શિક્ષણનું
સિંચન કરનારા આપણા ગુરુજનો ,સાચા વિદ્યાદાતા છે.ધનના દાતા કરતાં,શિક્ષણનું દાન કરનાર હંમેશાં વિશેષ મોટાં હોયછે. 'શિક્ષાદાતા - મહાદાતા'.
આજના શિક્ષક દિવસના પાવન પ્રસંગે, મારા-તમારા અને આપણા તમામ નામી-અનામી
શિક્ષકભાઈ-બ્હેનોના ચરણે
આપણા કોટી કોટી સાદરવંદન.

જયકાન્ત ઘેલાણી પ્યારે'.

---

**NOG-SS-No. 0097**

વિષય:શિક્ષક દિવસ
પ્રકાર: ગદ્ય
શીર્ષક : ઉત્તમ શિક્ષક

એક માતા સો શિક્ષક સમાન છે.માતા ગર્ભસ્થ શિશુની માવજત કરે, પોષણ કરે,સંસ્કાર સિંચન કરે અને યોગ્ય સમયે પોતની જાતને વલોવી નાંખીને બાળકને જન્મ આપે.આ સમગ્ર પ્રક્રિયા,મા ખુબ આનંદ ઉત્સાહથી કરતી હોય છે. કંઈ પણ અપેક્ષા સિવાય.આ ગર્ભ સ્થ સંસ્કાર અને ગળથૂથીના સંસ્કાર આપનાર મા એ પ્રથમ અને ઉત્તમ શિક્ષક છે. પુ. મોરારીબાપુ એમ કહે કે,બેગમાં જે કપડું પહેલા મૂકીએ એ છેલ્લે નીકળે. મા દ્વારા મેળવેલ શિક્ષણ અને સંસ્કાર બાળક ના મગજ પર એક અમિટ છાપ મૂકી જાય છે. જે ડગલે ને પગલે બાળકમાં ઉજાગર થાય છે.

તયારબાદ બાલમંદિરના શિક્ષિકા.જે ખુબ પ્રેમથી બાળકની માવજત કરીને બાળકને હૂંફ આપેછે. અને એ સવારના દરરોજનો ચાર કલાકનો સમય બાળક અને શિક્ષિકા વચ્ચે નો સૌથી ઉત્તમ સમય કહી શકાય.દરેક બાળકનો આ સમય સચવાય જાય તો દેશને સર્વોત્તમ નાગરિક મળી શકે.

મારા મતે સમજુ" મા "અને બાલવાડીના પ્રેમાળ શિક્ષિકા જ બાળકના સમગ્ર જીવનના ઘડવૈયા છે.

વર્ષાબેન દેસાઈ .એડવોકેટ.વડોદરા

---

**NOG SS No : 0055**

વિષય : શિક્ષક દિન
પ્રકાર : ગદ્ય

વ્યવસાયથી વિસ્તરીને વિદ્યાર્થીનો વિશ્વાસ અને શિક્ષણનો શ્વાસ એવા સૌ શિક્ષકોને વંદન....????
જેવી રીતે રાષ્ટ્રરક્ષા માટે સૈનિક હાથમાં બંદૂક લઈ સીમાડા સાચવે તેવી રીતે રાષ્ટ્ર અસ્મિતા માટે શિક્ષક હાથમાં પુસ્તક અને ચોકનો ટુકડો લે છે.
સૌ શિક્ષકોને વંદન

શ્રદ્ધા ભટ્ટ..વાપી.

---

**NOG SS No :-0038**

શીર્ષક :- શિક્ષક દિન

સર્વપલ્લી રાધાક્રિષ્નમના જન્મદિવસની અને શિક્ષક દિનની
બધાને ખૂબ ખૂબ વધાઈ.

સમાજની ગમે તેવી પરિસ્થિતિમાં શિક્ષક એક એવું કામ કરે છે કે સમાજરૂપી મંદિરને કેળવીને આગળ લાવે છે...!

શિક્ષકના વાણી વર્તનની અસર બાળક ઉપર જ નહીં
એ બાળક થકી બનતા આખા સમાજ ઉપર પડે છે માટે જેટલું બાળક પુસ્તકમાંથી શીખે એનાથી વધારે શિક્ષકની રહેણીકરણી ઉપરથી શીખે છે....!

શિક્ષક એ સમાજનો ઘડવૈયો છે. સારા શિક્ષક દ્વારા અપાયેલું જ્ઞાન એ બાળકને ઉચ્ચજીવન પ્રદાન કરી મહાનતાની પદવી અપાવે છે....!

હું ગૃહિણી મારા પરિવારના શિક્ષકો વચ્ચે રહેતા સદાય આનંદ ને ગર્વ અનુભવું છું...!

એવા મહાન શિક્ષકોને અને મારા ગુરુઓને પ્રણામ કરતા હું શિક્ષક દિનની શુભેચ્છા પાઠવુ છું...??

શીલાપટેલ "આકાંક્ષા"

---

ર્દ્ગર જીજી ર્દ્ગ :- ૦૦૨૭
વિષય :- શિક્ષકદિન

આજે પાંચ સપ્ટેમ્બર...એટલે શિક્ષકદિન.
મારી કર્મભૂમિ એટલે કે શાળા. શિક્ષણ સંસ્થા પણ માતૃત્વનું ઋણ ચૂકવે છે. કાલે મારી સંસ્થા, ડિવાઇન લાઈફ ઇન્ટરનેશનલ સ્કૂલ, નરોડાએ એનું ઉદાહરણ પૂરું પાડ્યું. કોરોનાની પરિસ્થિતિમાંથી હળવા થવા બધાં જ શિક્ષકોને રમતો રમાડી, ઈનામ આપ્યાં અને જ્ઞાન સાથે આનંદ પીરસ્યો.

શિક્ષક હોવાનું ગૌરવ

કોઈએ મને પૂછ્યું કે, તમને શિક્ષક હોવાનું આટલું બધું ગૌરવ કેમ છે ?

મેં ગૌરવથી જ જવાબ આપ્યો કે....

એક ડોક્ટરની આવક દેશમાં બીમારી વધવાથી વધે છે.

એક વકીલની આવક દેશમાં ક્રાઈમ વધવાથી વધે છે. ચારે એક શિક્ષકની આવક દેશની પ્રગતિ થવાથી વધે છે.

જય હિન્દ , જય શિક્ષક
શિક્ષકદિનની ઢેર સારી શુભેચ્છાઓ...??
કાલે શાળામાં મેં આપેલ વક્તવ્ય અહીં રજું કરું છું.

મિત્રો, તમને ખબર છે કે ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ શિક્ષકદિન તરીકે શા માટે ઉજવવામાં આવે છે?

હા, જે વ્યક્તિ રાષ્ટ્રપતિ હોવા છતાં એમ કહે કે હું પહેલા શિક્ષક છું, પછી રાષ્ટ્રપ્રમુખ છું. એમનો જન્મદિવસ ૫ સપ્ટેમ્બર સમગ્ર ભારતમાં શિક્ષકદિન તરીકે મનાવાય છે. દેશનું સર્વોચ્ચ પદ ભોગવતા ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન નખશિખ શિક્ષક હતા.

૧૯૬૨ માં જ્યારે ડો. રાધાકૃષ્ણન રાષ્ટ્રપતિ બન્યા ત્યારે તેમના મિત્રો અને વિદ્યાર્થીઓએ મળીને એમનો જન્મદિવસ ઉજવવાનું નક્કી કર્યું. પરંતુ, ડો. રાધાકૃષ્ણને કહ્યુ કે, મારો જન્મદિન શિક્ષકદિવસ તરીકે ઉજવો કેમકે, મને રાષ્ટ્રપતિ કરતાં શિક્ષક હોવાનો વધારે ગર્વ છે. બસ, ત્યારથી તેમનો જન્મદિવસ ૫ સપ્ટેમ્બર શિક્ષકદિન તરીકે ઉજવાય છે.

ઈન્દિરા ગાંધી જેવા એમનાં વિદ્યાર્થી હતાં. રશિયાના સરમુખત્યાર સ્ટાલિન ખૂબ જ ચસ્કેલ ભેજાનો માણસ હતો જે લગભગ કોઈને મળતો નહિ. એ ડો. રાધાકૃષ્ણનને બે વાર મળ્યો હતો. તેથી, આખી દુનિયા અચંબામાં પડી ગઈ હતી. વિચાર કરો...એક તેજસ્વી શિક્ષક વિશ્વના પાવરફુલ લોકોને પણ આંજી શકવાની તાકાત રાખે છે.

ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ ૫ સપ્ટેમ્બર, ૧૮૮૮ ના રોજ આંધ્રપ્રદેશના તિરૂતની શહેરમાં થયો હતો. એમના પિતાનું નામ વિરાસ્વામી અને માતાનું નામ સિતામ્મા હતું. તેઓ અત્યંત ગરીબ બ્રાહ્મણ હતા. સૌને નવાઈ લાગશે પણ, સર્વપલ્લી એમની અટક નથી. એમનાં ગામનું નામ છે. એ વખતે લોકો પોતાના મૂળ વતનનું નામ અટક તરીકે પ્રયોજતાં હશે.

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન વિશ્વવિખ્યાત ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ૬ વર્ષ સુધી વિઝિટીગ પ્રોફેસર તરીકે રહ્યા હતા. ત્યાં તેઓ હિન્દુ ધર્મ ભણાવતા. થોડી અલપ ઝલપ......૧૮૮૮ માં જન્મ, ૧૯૦૬ માં મદ્રાસ કોલેજમાંથી ફિલોસોફી સાથે માસ્ટર ડિગ્રી...૨૦ વર્ષની વયે પહેલો શોધ નિબંધ લખ્યો... ૧૯૪૮માં તેઓ યુનેસ્કોના ચેરમેન બન્યા. ૧૯૪૯માં ભારતના રાજદૂત બન્યા. ૧૯૫૪માં એમને દેશનું સર્વોચ્ચ સન્માન "ભારત રત્ન" થી નવાજ્યા. ૧૯૬૨માં જ્યારે એમણે રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા ત્યારે રાષ્ટ્રપતિ તરીકેનો એમનો પગાર ઘટાડી ફક્ત બે હજાર રૂપિયા કરી નાખ્યો. સમગ્ર વિશ્વમાં એમની ખ્યાતિ હતી. જ્યારે તેઓ અમેરિકા પહોંચ્યા ત્યારે હેલિકોપ્ટર દ્વારા સીધા વ્હાઈટ હાઉસમાં ઉતરવાનું સન્માન પ્રાપ્ત કરનાર તેઓ પ્રથમ પરદેશી હતા.

અંતિમ દિવસોમાં તેઓ ઘણુબધું ભૂલી જતા. તબિયત બગડતી ચાલી અને આખરે, ૧૯૭૫ ની ૧૭ એપ્રિલે ડો.રાધાકૃષ્ણન સર્વપલ્લીએ કાયમ માટે દુનિયામાંથી વિદાય લીધી.

જેમણે શિક્ષકને ગૌરવ પ્રદાન કર્યું એવા રાધાકૃષ્ણન ભારતની પ્રજાનાં □દયમાં કાયમ સજીવન રહેશે. આજના દિવસે એ મહાન, તેજસ્વી શિક્ષકનું સ્મરણ કરીયે.

જ્યોતિ આચાર્ય, અમદાવાદ

---

**NOG :SS : 0032**

પ્રકાર: પદ્ય
વિષય: શિક્ષકદિન
શીર્ષક: તમન્ના

બાળપણથી જ શિક્ષક બનવાની તમન્ના હતી,
એટલેજ હું ગુજરાતીની શિક્ષક બની પ્રાથમિક શાળામાં.
નાનાં ભૂલકાઓને હું રામાયણની વાતો અને
મહાભારતની વાતો સાંભળતી અને સંભળાવતી,
એટલેજ હું ગુજરાતીની શિક્ષક બની પ્રાથમિક શાળામાં.
હસી લેતી, રમી લેતી હું રોજ નાનાં ભૂલકાઓ સંગ,
એટલેજ હું ગુજરાતીની શિક્ષક બની પ્રાથમિક શાળામાં.
જીંદગીની યાત્રામાં યાદ આવી જાયછે એ શિક્ષકો
જેમણે મને શિક્ષક બનવાનાં પાઠ શીખવ્યાં,એટલેજ
હું ગુજરાતીની શિક્ષક બની
પ્રાથમિક શાળામાં.
આજ પણ ખુશી છે મારાં વિદ્યાર્થીઓને આજનાં
ડોક્ટર અને એન્જિનિયર બનેલાં જોઈને,
એટલેજ હું ગુજરાતીની શિક્ષક બની પ્રાથમિક શાળામાં..
નાનાં ભૂલકાઓના ભણતરનાં પાયામાં મેં સત્ય
અને અહિંસાનાં ભણાવ્યાં પાઠ,એટલેજ હું ગુજરાતીની શિક્ષક બની પ્રાથમિક શાળામાં.
હું એક મા પણ છું અને એક શિક્ષક પણ છું
એક મા સો શિક્ષકની ગરજ સારે છે,એટલેજ હું ગુજરાતીની શિક્ષક બની પ્રાથમિક શાળામાં.

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

---

મા ની મમતા આંસુ છલકાતા
બજારમાં ધિરતા વૃદ્ધાશ્રમ ભરતા
ધાવણ લજવતા બેફામ રખડતા
જામ છલકાતા દામ બોલાવતા
અંધારી ઉજવાતા અજવાળી નગ્નતા
આજ વાસ્તવિકતા સમાજની કરુણતા



**જયકિશન દાણી બોટાદ**

તડપ ના રહી, ના બગાવત રહી,
મહોબત હવે ક્યાં મહોબત રહી.
દિલાસાથી મેં પણ ચલાવી દીધું,
કફન બાંધુ એવી ક્યાં ચાહત રહી.
ફના થઇ જનારા, ફના થઇ ગયા
દિલેરી ભરી ક્યાં રવાયત રહી.
અહીં ડૂસકાં ભટકે છે દરબદર,
ક્યાં ઈન્સાફ ને ક્યાં અદાલત રહી.
ત્યાં ચિત્કાર દિલનો પહોંચી ગયો,
છતાં પણ ખુદાઈ યથાવત રહી ?



**સાહિલ કંદોઈ - સિડની ઓસ્ટ્રેલિયા**

## અમદાવાદના ચાંદખેડા, ઈસનપુર પેટાચૂંટણી તમામ પાર્ટીના ઉમેદવારોએ ફોર્મ ભર્યાં

અમદાવાદ , તા.૧૯

ઈસનપુર વોર્ડમાંથી BJPના ઉમેદવાર મૌલિક પટેલ અને કોંગ્રેસના ઉમેદવાર ભાવેશ દેસાઈએ ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. ઈસનપુરના ભાજપના પૂર્વ કોર્પોરેટરનું અવસાન થતાં આ બેઠક ખાલી પડી હતી અને ભાજપે સ્વર્ગસ્થ ગૌતમ પટેલના પુત્ર મૌલિક પટેલને ટિકીટ આપી છે. જ્યારે ગત ચૂંટણીમાં ચાંદખેડામાંથી વિજેતા બનેલા ભાજપના પ્રતિભા સક્સેનાએ રાજીનામું આપતાં ખાલી પડેલી બેઠક માટે મ્ત્તએ રીના પટેલને ટિકીટ આપી છે. આ બંન્ને બેઠક ખાલી પડવાને કારણે નિયમોનુસાર ૬ મહિનામાં પેટાચૂંટણી કરવી આવશ્યક હોય છે. ઈસનપુર અને ચાંદખેડાની આ બંન્ને બેઠક સામાન્ય છે. ચૂંટણી પંચ દ્વારા તા. ૬ સપ્ટેમ્બરના રોજ આ બંન્ને બેઠકની પેટા ચૂંટણી માટે તા. ૩ ઓક્ટોબરના રોજ મતદાન યોજવાની જાહેર કરવા સાથે આ બંન્ને વિસ્તારોમાં આચાર સંહિતા લાગુ ઔપડી છે.અમદાવાદમાં ઈસનપુર અને ચાંદખેડા વોર્ડની તા.૩ ઓક્ટોબરે યોજાનારી પેટાચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાના છેલ્લા દિવસે તા. ૧૮ સપ્ટેમ્બરે ભાજપના ૨, કોંગ્રેસના ૨ અને આપના એક સહિત પાંચ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ ભર્યા હતા. આમ, ચાંદખેડાની બેઠક માટે ભાજપ, કોંગ્રેસ અને આપના ઉમેદવારો વચ્ચે ત્રિપાંખિયો જંગ જામશે. જ્યારે ઈસનપુરમાં મ્ત્ત અને કોંગ્રેસના ઉમેદવાર વચ્ચે સીધી સ્પર્ધા જોવા મળશે. ચાંદખેડાની બેઠક માટે ભાજપના ઉમેદવાર રીના પટેલે સાબરમતીના ધારાસભ્ય, કોર્પોરેટર અને કાર્યકરોની હાજરીમાં કલેક્ટર કચેરી, સુભાષ બ્રિજ ખાતે ફોર્મ ભર્યું હતું. આ બેઠક માટે કોંગ્રેસના દિવ્યજાગૃતિ રોહિતે પણ સ્થાનિક કોર્પોરેટર રાજશ્રી કેસરી અને કાર્યકર્તાઓની હાજરીમાં ફોર્મ ભર્યું હતું. ચાંદખેડાની બેઠક પરથી 'આપ'ના ઉમેદવાર યશવી સુદર્શને ફોર્મ ભર્યું હતું.

## તાલુકા પંચાયતની ખાલી બેઠક મોટી આદરજ સીટની પેટા ચૂંટણી માટે ફોર્મ ભરાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર તાલુકા પંચાયતની આદરજ મોટી બેઠક ખાલી પડતા તેની પેટા ચુંટણી આગામી તારીખ ૩જી, ઓક્ટોબરના રોજ યોજનાર છે. આદરજમોટી બેઠકની પેટા ચુંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની શનિવારે અંતિમ દિવસે ભાજપ અને કોંગ્રેસમાંથી ઉમેદવારી ફોર્મ ભર્યા છે. તેમાં ભાજપમાંથી એક ડમી ઉમેદવારે પણ ફોર્મ ભર્યું છે. જયારે કોંગ્રેસમાંથી કોઇ જ ડમી ઉમેદવારે ફોર્મ ભર્યું નથી. ભાજપમાંથી રાજુજી ઠાકોરે ઉમેદવારી ફોર્મ ભર્યું છે. જે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના સદસ્ય છે. ઉપરાંત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આઉટસોર્સિંગમાં નોકરી કરે છે. જયારે કોંગ્રેસમાંથી દશરથજી પ્રહલાદજી ઠાકોરે જે આદરજ મોટી ગામના ડેપ્યુટી સરપંચ તરીકે હાલમાં સેવા આપી રહ્યા છે. અપક્ષ કે અન્ય રાજકીય પક્ષમાંથી એકપણ ઉમેદવારે ફોર્મ ન ભરતા આદરજ મોટી બેઠકની ચુંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો જંગ ખેલાશે.ગાંધીનગર તાલુકા પંચાયતની ખાલી પડેલી આદરજ મોટી બેઠકની પેટા ચુંટણીના ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસે ભાજપ અને કોંગ્રેસે પોતાના ઉમેદવારોના ફોર્મ ભરવામાં આવ્યા છે. ફોર્મની ચકાસણીની તારીખ ૨૦મી, સોમવારે કરવામાં આવશે. જયારે ઉમેદવારી પત્ર પરત ખેંચવાની અંતિમ ૨૧મી છે. જોકે અપક્ષ તરીકે અન્ય કોઇ જ ઉમેદવારી ફોર્મ નહી ભરતા ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો જંગ યોજાશે. ગાંધીનગર જિલ્લા પંચાયતની ચુંટણીમાં આદરજ મોટી બેઠક માટે ગાંધીનગર તાલુકા પંચાયતની આદરજ મોટી બેઠકના ચાલુ સભ્ય વિજેતા બન્યા હતા.



પાટનગર ગાંધીનગરમાં ચુંટણીઓ આવતા પક્ષપલ્ટો થવા લાગ્યો સારા કાર્યકર્તાઓ તેમજ જેમણે ટિકીટ ન મળતા ઉમેદવારો પોતાનો પક્ષ છોડીને અન્ય પક્ષોમાં જવાનું ચાલુ કર્યું એવામાં ગાંધીનગર મનપાની ચુંટણી પહેલા ૪૦થી વધુ ભાજપ અને કોંગ્રેસના આગેવાનોએ આમ આદમી પાર્ટીમાં જોડાયા.

## બિહારમાં ખેડૂતના બેંક એકાઉન્ટમાં પર કરોડ રૂપિયા જમા થયાં

બિહાર , તા.૧૯

ખેડૂતના એકાઉન્ટમાં આટલી મોટી રકમ જમા થઈ તે વાત આખા વિસ્તારમાં ચર્ચાનો વિષય બની હતી. લોકોએ તેમના એકાઉન્ટમાં પણ બેલેન્સ ચેક કરાવવા બેંકમાં ધક્કા ખાધા હતા.બિહારના વયોવૃદ્ધ ખેડૂત રામ બહાદુર શાહના પેન્શન એકાઉન્ટમાં અચાનક બાવન કરોડ રૂપિયા જમા થઈ જતાં ભારે આશ્ચર્ય સર્જાયું હતું. બેંક મેનેજર, બેંકના સ્ટાફ અને ખેડૂત સહિતના ગામવાસીઓને આશ્ચર્ય થયું હતું. આ રકમ ક્યાંથી જમા થઈ તે બાબતે તપાસ હાથ ધરવામાં આવી હતી. મુઝફ્ફરપુર જિલ્લાના કટરા વિસ્તારમાં એક વૃદ્ધ રામ બહાદુર શાહ વૃદ્ધપેન્શન જમા થયું કે નહીં તે તપાસ કરવા બેંકમાં પહોંચ્યા હતા. બેંકમાં આ ખેડૂતે બેલેન્સ ચેક કરાવ્યું તો બેંકના કર્મચારીઓના આશ્ચર્યનો પાર રહ્યો ન હતો. ખેડૂતના એકાઉન્ટમાં બાવન કરોડ રૂપિયા જેટલી માતબર રકમ પડી હતી. મામલો બેંકના મેનેજર સુધી પહોંચ્યો હતો. મેનેજરે તુરંત એ રકમ ક્યાંથી આવી તે બાબતે તપાસ હાથ ધરી હતી. બેંકના ઉચ્ચ અધિકારીઓએ એ ખેડૂતના એકાઉન્ટમાંથી હાલ પૂરતા બધા જ ટ્રાન્ઝેક્શન રોકી દીધા હતા. ખેડૂત એમાંથી કોઈ જ રકમ ઉપાડી શકે તેમ નથી. એ પછી ખેડૂતે મોદી સરકારને અપીલ કરી હતી કે બાવન કરોડ જેટલી માતબર રકમમાંથી તેને પણ થોડાંક લાખ ઉપાડવાની છૂટ મળે તો તેને બુઢાપો સારી રીતે વીતી શકે તેમ છે. ખેડૂત રામ બહાદુર શાહે કહ્યું હતુંઃ હું તો અભણ-દેહાતી ખેડૂત છું. મારા એકાઉન્ટમાંથી મને થોડાંક પૈસા ઉપાડવાની છૂટ મળે તો મારું બાકી બચેલું જીવન થોડું સુખાકારીમાં વીતી શકે તેમ છે. હું મોદી સરકારને વિનંતી કરું છું કે મને આ રકમમાંથી થોડા પૈસા આપવામાં આવે.

## દારૂના નશામાં કાર ચલાવતા કોન્સ્ટેબલની કાર પલટી

ગાંધીનગર , તા.૧૯

શહેરના કોટ વિસ્તારમાંથી પોલીસે ૮ જુગારીઓને જુગાર રમતા ઝડપ્યા હતા. પોલીસે જુગારધારા હેઠળ ગુનો પણ નોંધ્યો હતો. જોકે પોલીસે કડક કાર્યવાહી ન કરવાનું અને માર ના મારવાનું તેમજ જલદી છૂટા કરી દેવાનું કહી આઠેય પાસેથી કુલ ૩૫ હજાર પડાવી લીધા હતા. જોકે જુગારીઓએ બહાર આવીને અન્ય મિત્રોને વાત કરતાં ફરીથી મામલો પોલીસ સ્ટેશને પહોચ્યો હતો, જેના કારણે કેટલાક અસંતોષી પોલીસ કર્મચારીઓએ ઉચ્ચ અધિકારીઓને અરજી કરવાનું કહેતા કેટલાક જુગારીઓ તાણમાં આવી ગયા હતા, પરંતુ કોઈકે સલાહ આપી કે ભાઈ તમારી સામે પણ કેસ થયો હતો એટલે ફરિયાદ કરવા જતાં તમે ના ભરાઈ જાવ એ ધ્યાન રાખજો. આ સાંભળીને ડરના માર્યા આ જુગારીઓ હાલ પૂરતા તો ઠંડા પડી ગયા હોવાની ચર્ચા ચાલી રહી છે. પૂર્વની બોર્ડરમાં આવેલ એક પોલીસ સ્ટેશનમાંથી શહેરના મધ્યમાં એક પોલીસ સ્ટેશનમાં પીઆઈની બદલી કરી દેવામાં આવી છે. જોકે, પીઆઈને તેના વહીવટદારોને પોતાની સાથે લઈ જવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓને આજીજી કરી હતી, જેમાં અધિકારીને પીઆઈએ કહ્યું કે, સાહેબ મારા આ બન્ને હોશિયાર રાઈટરોને મારી સાથે લાવવા છે તેમ કહીને બદલી કરાવીને દીધી હતી. જોકે, બન્ને રાઈટર નહીં પરંતુ ઔપીઆઇના વહીવટદાર હોવાનું પોલીસ બેડામાં ચર્ચાઇ રહ્યું છે. બંને વહીવટદાર પીઆઈના મોટાભાગના બે નંબરના કામ આસાનાથી સંભાળી લે છે. આથી તેમને બંને પર પોતાના કરતાં પણ વધારે વિશ્વાસ હોવાનું પોલીસ બેડામાં ચર્ચાઈ રહ્યું છે. હવે નવા સ્થળે પણ બંને કેટલા ઉપયોગી બનશે તે તો સમય જ બતાવશે.શહેરમાં નદી પાસે આવેલા એક પોલીસ સ્ટેશનના પીઆઈ થોડા દિવસથી ઉદાસ જોવા મળતા હતા, કારણ કે પીઆઇના ખાસ ગણાતા એક કોન્સ્ટેબલનો બે મહિના સુધીનો વિરહ રહેવાનો છે. આ કોન્સ્ટેબલ જ અધિકારીનો વહીવટદાર છે. તેમની તમામ પ્રકારની સેવા તે કરતો હતો, જેમાંથી કેટલાક કામ તો આ કોન્સ્ટેબલ સિવાય અન્ય કોઈને પીઆઇ જાણ કરતા પણ નહી. કોન્સ્ટેબલ અને એક પીએસઆઇ તપાસ કરવા માટે અન્ય રાજ્યમાં ઈનોવા લઈને ગયા હતા, પરંતુ કાર કોઈ કારણસર પલટી ખાઇ ગઇ હતી. પીએસઆઇએ તો સીટ બેલ્ટ પહેર્યો હોવાથી ખાસ ઈજા નથી થઈ, પણ કોન્સ્ટેબલને મણકાના ભાગે ગંભીર ઈજા થતાં બે મહિનાનો ખાટલો આવ્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, કોન્સ્ટેબલ દારૂનો નશો કરીને કાર ચલાવતો હોવાથી કાર પલટી ખાઈ ગઈ હતી. શહેરના પ્રિમ અને પૂર્વ વિસ્તારમાં ફરજ બજાવી ચૂકેલા એક પીઆઈને થોડા સમય પહેલાં કામગીરી સારી ન હોવાના કારણે સૌરાષ્ટ્રમાં બદલી કરી હતી. જો કે, પીઆઇ અમદાવાદમાં હતા ત્યારે તે સમયના મંત્રીના સંપર્કમાં રહીને આગળ પાછળ ફરતા હતા. બાદમાં પીઆઈને પૂર્વ વિસ્તારમાં એક સારા પોલીસ સ્ટેશનમાં બદલી થતાં તેમને એક નહીં ત્રણ વહીવટદારો રાખ્યા હતા.

જો કે, ઔપ્રિમમાં રહેલ વહીવટદારને તેમની સાથે પૂર્વમાં લઇ ગયા હતા. ત્યાં પણ ક્રાઈમ રેટનો ગ્રાફ વધતા ડીજીપીએ પીઆઇની અમદાવાદ બહાર બદલી કરી હતી. જો કે, સૌરાષ્ટ્રમાં ફરજ હોવા છતાં પીઆઇ રાજકીય વ્યકિતને મહિનામાં ચાર વખત મળવા આવતા અને સારા પોસ્ટિંગ માટેની આજીજી કરતા હતા. અંતે રાજકીય વગના લીધે પીઆઇને રાજ્યની SMÍThમાં બદલી કરી દેતા પ્રિમ વિસ્તારનો એક પોલીસ કોસ્ટેબલ રાજીનો રેડ થઇ જતાં હવે મારા સાહેબ મોટી એજન્સીમાં હોવાથી હું ઇચ્છું ત્યાં રેડ કરાવી દઇશ તેવી શેખી મારતા પોલીસ બેડામાં ચર્ચાઇ રહ્યું છે.

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આવતી કાલે નવી દિલ્હીની એક દિવસીય મુલાકાતે જશે

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આવતી કાલ સોમવાર ૨૦ મી સપ્ટેમ્બરે નવી દિલ્હીની એક દિવસીય મુલાકાતે જશે


ગુજરાતના મુખ્યમંત્રીનો પદભાર સંભાળ્યા બાદ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આવતી કાલે પ્રથમવાર ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી તેમજ ઉપ રાષ્ટ્રપતિ શ્રી એમ.વૈંકેયા નાયડુજીની શુભેચ્છા સૌજન્ય મુલાકાત કરશે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને સૌજન્ય શુભેચ્છા મુલાકાત માટે મળશે

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહજી અને રક્ષામંત્રી શ્રી રાજનાથ સિંહજીને પણ સૌજન્ય શુભેચ્છા મુલાકાત હેતુસર મળશે

આ ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ શ્રી જે.પી. નડ્ડાજીને પણ શુભેચ્છા મુલાકાત માટે મુખ્યમંત્રીશ્રી નવી દિલ્હીમાં મળવાના છે.

મુખ્યમંત્રીશ્રી નવીદિલ્હીથી સોમવારે રાત્રો અમદાવાદ પરત આવશે

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલે પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી ડો. એ.કે.પટેલની શુભેચ્છા મુલાકાત લીધી



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ આગેવાન અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી ડો. એ.કે.પટેલની અમદાવાદ માં તેમના નિવાસ સ્થાને જઈ શુભેચ્છા મુલાકાત કરી હતી.

ડો. એ.કે .પટેલે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈને ગુજરાતનું શાસન દાયિત્વ સંભાળવા માટે અભિનંદન આપી ગુજરાતની વિકાસ યાત્રા વધુ ઉન્નત બને અને ઉત્તારોતર પ્રગતિના સોપાનો સર કરતી રહે તેવી શુભકામના પણ પાઠવી હતી.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુરુદ્વારા ગોવિંદધામની મુલાકાત લઈ ગુરુ ગ્રંથસાહેબને શ્રદ્ધા પૂર્વક ભાવ પુષ્પ અર્પણ કર્યા



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે અમદાવાદના એસ.જી.હાઈવે સ્થિત ગુરુદ્વારા ગોવિંદધામની મુલાકાત લઈ ગુરુગ્રંથ સાહેબને શ્રદ્ધા પૂર્વક ભાવ પુષ્પ અર્પણ કર્યા હતા

મુખ્યમંત્રીશ્રીએ ગુરુગ્રંથ સાહેબ સમક્ષ શીશ ઝુકાવી ગુજરાતની ઉત્તરોતર સુખ,સમૃદ્ધિ અને શાંતિની કામના કરી હતી. ગુજરાતના શીખ સમુદાયના પ્રમુખ શ્રી ઈશ્વરસિંહ વાસુ તથા શ્રી રણજિતસિંહ વાસુએ મુખ્યમંત્રીશ્રીનું સન્માન કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કોરોનાના કપરા કાળમાં શીખ સમુદાયે હાથ ધરેલા સેવા કાર્યોની પ્રસંશા કરી હતી. ભવિષ્યમાં પણ શીખ સમુદાય જરૂરિયાતના સમયે સેવા કાર્યો માટે સહયોગ આપશે તેવી અપેક્ષા પણ આ તકે તેમણે વ્યક્ત કરી હતી.

આપ્રસંગે ધારાસભ્ય શ્રી બાબુભાઈ જમનાભાઈ પટેલ, અમદાવાદ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ અને સ્થાનિક કોર્પોરેટરશ્રીતેમજમહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.





જય કિશાન તા ૨૭/૯/૨૦૨૧ ના રોજ રાષ્ટ્રીય કિસાન સંગઠન બનાસકાંઠા જીલ્લા દ્વારા તમામ તાલુકા મથકે ભારત બંધ ને સમર્થન આપી કાર્યક્રમ કરવામાં આવશે અને સંયુક્ત કિસાન મોરચા ના આદેશ નું પાલન કરવા માં આવશે. વી.કે.કાગ જીલ્લા પ્રમુખ રાષ્ટ્રીય કિસાન સંગઠન બનાસકાંઠા


### આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી

# આરોગ્યમંત્રી તરીકે પદભાર સંભાળતા ઋષિકેશભાઇ પટેલે સિવિલ હોસ્પિટલના તબીબો સાથે આરોગ્ય વિષયક ચર્ચાઓ કરી




રાજયના નવનિયુક્ત આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે પદભાર સંભાળતાના બીજા જ દિવસે અમદાવાદ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.. અમદાવાદ સિવિલ મેડિસીટીમાં આવેલી ૧૨૦૦ બેડ મહિલા અને બાળરોગ હોસ્પિટલની મુલાકાત લઇ તબીબો અને હોસ્પિટલ તંત્ર સાથે આરોગ્યવિષયક ચર્ચા કરી હતી.

મંત્રી શ્રીએ સિવિલ મેડિસીટીના સમગ્ર વ્યવસ્થાપન, ઉપલબ્ધ સુવિધાઓ, હોસ્પિટલની જરૂરિયાતો અને આગામી આયોજન વિશેની વિગતવાર માહિતી મેળવી હતી.

આ પ્રસંગે મીડિયા સાથેના સંવાદમાં અગત્યની જાહેરાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજયમાં ૨૩મી સપ્ટેમ્બરથી ×આપ કે દ્વાર આયુષ્માન× મેગાડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડ્રાઇવમાં રાજયના ૮૦ લાખ કુંટુબોને આવરી લઇ PMJAY-મા કાર્ડ કઢાવી લાભાન્વિત કરવામાં આવશે.

આ ડ્રાઇવ હેઠળ ગ્રામ્ય સ્તરે, પી.એચ.સી, સી.એચ.સી, સરકારી અને ખાનગી હોસ્પિટલમાં સામાન્ય,ગરીબ તમામ વર્ગના લોકોને આ કાર્ડનો લાભ આપવામાં આવશે. રાજયમાં ત્રણ મહિના સુધી ચાલનારી આ ડ્રાઇવમાં રાજયના મહત્તમ લોકોને લાભ લેવા મંત્રીશ્રીએ અપીલ કરી હતી.

આરોગ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, એશિયાની સૌથી મોટી ગણાતી સિવિલ હોસ્પિટલ કોરોનાકાળમાં રાજ્ય અને દેશની અન્ય હોસ્પિટલ માટે મોડલરૂપ બની હતી. સિવિલ મેડિસીટીમાં આવેલી ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં આરોગ્ય અને દર્દીઓ લક્ષી હાથ ધરાયેલ અનેકવિધ પહેલને રાજયની અન્ય હોસ્પિટલોએ પણ સ્વીકારી હતી.

તેઓએ કોરોનાની બીજી લહેરમાં સિવિલ હોસ્પિટલ દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી હોવાનું જણાવી આગામી સમયમાં કોરોનાની સંભવિત ત્રીજી લહેરમાં પણ દર્દીને સત્વરે શ્રેષ્ઠ સારવાર મળી રહે તે માટે દવાના જથ્થા, તબીબી ઉપકરણો, ઓક્સિજન પ્લાન્ટ, વેન્ટિલેટર જેવી તમામ આરોગ્ય વિષયક સેવાઓની વ્યવસ્થા રાજ્ય સરકારે કરી હોવાનું ઉમેર્યુ હતુ. સિવિલ હોસ્પિટલની જૂની બિલ્ડીંગમાં જરૂરી સુધારા કરીને તેને નવીનતમ બનાવવાના પ્રયાસો સત્વરે હાથ ધરીને પૂર્ણ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

રાજ્ય સરકાર દ્વારા ૩૦૦૦ નર્સીંગ સ્ટાફની ભરતી કરવામાં આવી છે. તેમજ બોન્ડ વાળા તબીબોને કાયમી નિમણૂક આપીને હેલ્થકેર વર્કસના માનવબળને પણ વધારવામાં આવ્યો હોવાનું જણાવ્યુ હતું.

રાજયના તબીબો, મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફના સહિયારા પ્રયાસોના પરિણામે જ અન્ય રાજયનો સરખામણીએ ગુજરાત રાજ્ય કોરોના સામે નિયંત્રણ મેળવવામાં સફળ રહ્યું છે. આજે રાજયમાં કોરોનાના નજીવા કેસ જ રહ્યા છે.

મંત્રીશ્રી એ રાજયના શહેર ઉપરાંત ગ્રામ્ય સ્તરના પી.એચ.સી. અને સી.એચ.સી.ની પણ માળખાકીય સુવિધાઓમાં વધારો કરીને શ્રેષ્ઠત્તમ બનાવવામાં આવી રહી હોવાનું કહ્યું હતુ.

રાજયમાં કોરોનાની પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવા છતા અગમચેતીના પગલે આજે પણ આઇ.સી.એમ.આર.ની ગાઇડલાઇન કરતા પણ ૭ ગણા કોરોના ટેસ્ટિંગ રાજ્યમાં કરાવવામાં આવી રહ્યા હોવાનુ જણાવી રાજયમાં પ્રતિદિન ૭૫ હજાર આર.ટી.પી,સી.આર. અને રેપીડ એન્ટીજન ટેસ્ટ કરાવવામાં આવી રહ્યા હોવાનું ઉમેર્યુ હતુ.

મંત્રી શ્રી એ સિવિલ હોસ્પિટલના તમામ વિભાગના વડા સાથે સંવાદ કરીને તેમની જરૂરિયાતો વિશેની પૃચ્છા કરી હતી.હોસ્પિટલને આરોગ્યલક્ષી તમામ જરૂરીયાતો અને સુવિધાઓના ઝડપી નિકાલ લાવવાની ખાતરી મંત્રીશ્રીએ આપી હતી. સિવિલ હોસ્પિટલ આરોગ્ય ક્ષેત્રે શ્રેષ્ઠ શિખરો પ્રસ્થાપિત કરે તે માટે સરકાર સિવિલ હોસ્પિટલ તંત્ર સાથે હરહંમેશ મદદરૂપ રહેશે તેવી નેમ વ્યક્ત કરી હતી.

આ બેઠકમાં આરોગ્ય વિભાગના રાજયકક્ષાના મંત્રી શ્રીમતી નિમિષાબેન સુથાર, આરોગ્ય કમિશ્નરશ્રી જયપ્રકાશ શિવહરે, આરોગ્ય વિભાગના ચીફ પર્સનલ ઓફિસર શ્રી અજય પ્રકાશ,સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષી, સિવિલ હોસ્પિટલના તમામ વિભાગના વડા અને સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા.

અમિતસિંહ ચૌહાણ

### ફાર્મ ફેસ્ટમાં ચાર રાજ્યોના પ્રગતિશીલ ખેડૂતોને સંબોધતા રાજ્યપાલશ્રી

# ખેડૂતો એફપીઓના માધ્યમથી પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો સીધા લોકો સુધી પહોંચાડી શકશે : રાજ્યપાલશ્રી



ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે હિમાચલ પ્રદેશ ખાતે સિંહ એપલ ઓર્ચર્ડ્સ દ્વારા આયોજીત ફાર્મ ફેસ્ટમાં ઉપસ્થિત પ્રગતિશીલ ખેડૂતોને સંબોધતા જણાવ્યુ હતુ કે, પ્રાકૃતિક કૃષિથી જળ, જમીન, જંગલ અને પર્યાવરણનું સંરક્ષણ થશે એટલું જ નહિ, સ્વાસ્થ્યપ્રદ આહાર મળવાને કારણે લોકો અસાધ્ય બિમારીનો ભોગ બનતા પણ અટકશે. તેમણે પ્રાકૃતિક કૃષિને ઈશ્વરીય કાર્ય પણ ગણાવ્યુ હતુ.

રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે જણાવ્યુ હતું કે, કેન્દ્ર સરકારે ખેડૂતોના હિતમાં ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન અર્થાત્ એફપીઓની રચના કરવાનો નિર્ણય લીધો છે જેના કારણે ખેડૂતો સીધા જ કૃષિ પાકોને લોકો સુધી પહોંચાડી શકશે. ગુજરાતમાં એકસો જેટલાં એફપીઓની રચના કરી પ્રાકૃતિક કૃષિ કરનારા ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવશે તેની માહિતી આપી પ્રાકૃતિક કૃષિ કરનારા ખેડૂતો માટે એફપીઓ આશીર્વાદરૂપ છે તેમ પણ રાજ્યપાલશ્રીએ જણાવ્યુ હતું.

હિમાચલ પ્રદેશના સિંહ એપલ ઓર્ચર્ડ્સ દ્વારા યોજાયેલાં છઠ્ઠા ફાર્મ ફેસ્ટમાં સિંહ એપલ ઓર્ચર્ડ્સના સંસ્થાપક શ્રી ઠાકુર સિંહજી તેમજ જીતુ ચૌહાણે ફાર્મ ફેસ્ટમાં પ્રગતિશીલ ખેડૂતોના વિચાર વિનિમયથી ખેડૂતોને વિવિધ માર્ગદર્શન મળી રહે છે તેની માહિતી આપી પ્રાકૃતિક કૃષિને ભવિષ્યની જરૂરિયાત ગણાવી હતી. આ પ્રસંગે હિમાચલ પ્રદેશ ઉપરાંત ઉત્તરાખંડ, જમ્મુ કાશ્મીર તેમજ અરૂણાચલ પ્રદેશના પ્રગતિશીલ કિસાનો તેમજ સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ વિભાગ, હિમાચલ પ્રદેશના એક્ઝીક્યુટીવ ડિરેક્ટરશ્રી રાજેશ્વર ચંદેલ, યુનિવર્સિટી ઓફ હોર્ટિકલ્ચર એન્ડ ફોરેસ્ટ્રીના સંશોધકો, વૈજ્ઞાનિકો, વિવિધ કિસાન વિકાસ કેન્દ્રોના કૃષિ નિષ્ણાતોએ ઉપસ્થિત રહીને ખેડૂતોને બાગાયતી પાક અને પ્રાકૃતિક કૃષિ સંદર્ભે માર્ગદર્શન આપ્યુ હતુ.

## સિદ્ધહેમ સેવા કેમ્પમાં ચાણસ્માના સમગ્ર ભાજપના આગેવાનોએ ભાગ લીધો



જેમાં વિનય સિંહ ઝાલા, કિરણભાઈ જાની, ભાવિકભાઈ પટેલ ,મનોજભાઈ પટેલ,રતનસિંહ,કિશનભાઈ ,સહિતના ભાજપના કાર્યકર્તાઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો

પ્રાપ્ત થતી માહિતી મુજબ જગત જનની માં અંબાના ધામ એ ૧૩ વર્ષ થી સિદ્ધહેમ સેવા કેમ્પ સ્નેહલભાઈ પટેલ દ્વારા અત્યારે અનેક યાત્રાળુઓ મા ના ધામે શીશ જઈ રહ્યા છે અનેક યાત્રાળુઓને પડતી મુશ્કેલી સંદર્ભે પાટણ ખાતે થી સિદ્ધ હેમ સેવા કેમ્પ દ્વારા યાત્રાળુઓને ભોજન મળી રહે તે હેતુથી ભોજન કેમ્પ ગોઠવવામાં આવ્યો છે જેથી રસ્તે ચાલતા યાત્રાળુઓને તકલીફ ન પડે આ પ્રસંગે આજરોજ પાટણ જિલ્લાના ભાજપ પરિવારના વિનય સિંહ ઝાલા, કિરણભાઈ જાની, ભાવિક ભાઈ પટેલ, ભાવેશભાઈ પટેલ સહિતના ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. નિખિલ જોશી પાટણ

## ગુજરાતના નવા મંત્રીઓને બંગલાની ફાળવણી કરાઇ

ગાંધીનગર , તા.૧૯

ગુજરાત સરકારના મંત્રાલય, મંત્રીઓ અને સચિવાલય અંગે કેટલીક ગેરમાન્યતા ઘર કરી ગઇ છે. વિજ્ઞાનની અણી ઉપર કસીને ગુજરાતના વિકાસની વાતો કરનારા કેટલાય નેતાઓ વળી આ બધી માન્યતાઓની ગંભીરતાપૂર્વક નોંધ પણ લે છે. એવું પણ માનવામાં આવે છે કે, ગુજરાત સરકારના મંત્રીમંડળમાં મુખ્યમંત્રી પછીના નંબર ટુ પ્રધાન ૨૬ નંબરના બંગલામાં રહે તો એમનો મુખ્યમંત્રીપદ માટે જેકપોટ લાગી શકે છે. ભૂતકાળમાં માધવસિંહ સોલંકી મુખ્યમંત્રી હતા અને તેમના પછી સેકન્ડ ઈન કમાન્ડ તરીકે અમરસિંહ હતા.

અમરસિંહને રહેવા માટે ૨૬ નંબરનો બંગલો ફાળવી દેવાયો હતો. એ પછી તેઓ મુખ્યમંત્રી બન્યા હતા. ચીમનભાઈ સરકારમાં છબીલદાસ ૨૬ નંબરના બંગલામાં રહેતાં હતા. ચીમનભાઈનું અવસાન બાદ છબીલદાસ મુખ્યમંત્રી બન્યા હતા. કેશુભાઈ પટેલે પોતાના કાર્યકાળમાં આ બંગલો સુરેશ મહેતાને ફાળવ્યો હતો.

## દિવ્યાગંજન વિદ્યાથીઓની સાયનસીટીની મુલાકાત



એક સમાવિષ્ટ વર્કશોપ- હોપ ચેરિટેબલ ટ્રસ્ટ અને યુનિક ચિલ્ડ્રન ક્લબ તરફથી વિશેષ જરૂરિયાતો ધરાવતા વિદ્યાર્થીઓ અને માનવ સાધના સ્કૂલના વિશેષાધિકૃત વિદ્યાર્થીઓ માટે સાયનસસીટી સીટી ની સફર. એક એવી સફર કે જ્યાં કોઈ પણ મતભેદો વગરના વિદ્યાર્થીઓ આનંદ માટે ભેગા થાય છે અને સાયનસીસીટી શહેરની શોધખોળમાં એકબીજાને મદદરૂપ બને છે.

અમે એક્વેટિક, રોબોટિક, ઈમેક્સ, થ્રિલરાઇડ, વર્ચ્યુઅલ રિયાલિટી અને મંગળ પરના મિશનની શોધ કરી. અપેક્ષિત સમય ૧૧: ૦૦-૫: ૦૦ હતો પરંતુ તે ૮:૦૦ સુધી લંબાવવામાં આવ્યો. દરેક વિદ્યાર્થી અંત સુધી રહ્યો અને સંપૂર્ણ આનંદ માણ્યો. તેમના ચહેરા પર સ્મિત અને આનંદ અમારા કાર્યક્રમને મોટી સફળતા અપાવે છે.

પ્રશંસાની નોંધ

૧. ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટીનું મેનેજમેન્ટ અને સ્ટાફ, તેમના અસાધારણ સમર્થન માટે.

૨. અમારા પ્રાયોજકો અને દાતાઓ જેમના વગર આ કાર્યક્રમ શક્ય ન હોત.

૩. કર્કે દેખો અચ્છા લગતા હૈ: સ્વાદિષ્ટ લંચ (છોલે, પુરી, પુલાવ, ગુલાબ જામુન, ખમણ) અને નાસ્તો (દાબેલી) આપવા માટે.

૪. સપના સુધી જાગો, કરકે દેખો અચ્છા લગતા હૈ ... !!!

૫. શ્રી નિતિન શાહ સ્વયંસેવી અને અમને ટેકો આપવા માટે.

૬. છેલ્લું પરંતુ ઓછામાં ઓછું નહીં, અમારા સ્વયંસેવકો અને શુભેચ્છકો જેમના વિના આમાંથી કંઈ પણ શક્ય ન હોત.

×અપંગતાનો અર્થ એ નથી કે દુનિયાથી ડિસ્કનેક્ટ થવું. તેનો અર્થ એ કે તમારી પાસે જુદી જુદી ક્ષમતાઓ છે જે અન્યની નથી

શ્રેષ્ઠ,

હોપ ચેરીટેબલ ટ્રસ્ટ

### મોડાસામાં ગણપતિ દાદાને ભાવ વિભોર વિદાય આપતા ભક્તો

# અરવલ્લી : ઠેર ભારે હૈયે વરસાદના અમી છાંટાણા વચ્ચે બાપ્પાનું વિસર્જન

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

સર્વ શુભ કર્યો ની શરૂઆત વિઘ્નહર્તા ગણેશ ભગવાન ની ભક્તિ અને આરાધના માટે વિશેષ મહત્વ ધરાવતા ગણેશ મહોત્સવની દસ દિવસ સતત ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરી રવિવારે અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ઠેર-ઠેર અબીલ ગુલાલ ની છોળો,બેન્ડવાજા અને ડી.જે ના તાલે ×ગણપતિ બાપ્પા મોર્યા અગલે બરસ તું જલ્દી આના ના નાદ સાથે ભક્તિભાવ પૂર્વક વિર્સજન યાત્રા યોજી ગણપતિ દાદાનું વિસર્જન કરી ભાવ વિભોર વિદાય આપવામાં આવી હતી જિલ્લામાં વિસર્જન પર્વમાં કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતા. અરવલ્લી જિલ્લામાં અનંત ચૌદસે મોડાસા શહેર સહીત અન્ય શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં અનેક સ્થળોએ ગણેશચતુર્થીના પવન દિવસે વાજતે ગાજતે ગણપતિ દાદાની સ્થાપના કરવામાં આવી હતી. ગણેશચતુર્થીના દિવસે સ્થાપના થયા બાદ દસમા દિવસ સુધી સતત દુંદાળા દેવની પૂજા અર્ચના કરી રવિવારે ગણેશ મહોત્સવના સમાપનના ભાગરૂપે ડી.જે,બેન્ડવાજા અને ભજન મંડળીઓ ના ગીત સંગીતના તાલે વાજતે ગાજતે વિશર્જન યાત્રા કાઢી નજીકમાં આવેલ જળાશયો,નદીઓ કે સરોવરમાં વિસર્જન કર્યું હતુ

મુખ્યમથક મોડાસા શહેરમાં રામપાર્ક રાજા,મેઘરજ રોડ યુથ જંક્સન,રિદ્ધિ સિદ્ધિ મનોકામના યુવકમંડળ,સાંઈ ગ્રુપ ઓધારી યુવક મંડળ,કડીયાવાડા,ભોઈવાડા,સોનીવાડા યુવક મંડળ દ્વારા તેમજ નગરજનોએ ધંધા રોજગારના સ્થળોએ,રહેણાંક સોસાયટીઓ ના મેદાનમાં,તેમજ ઘરમાં સ્થાપના કરાયેલા શ્રીજી ભગવાન ની સત્તત દસ દિવસ સુધી પૂજા,અર્ચના,આરતી,ભજન કીર્તન સાથે ગણેશજીના ભક્તોએ,નગરજનોએ અને યુવક મંડળોએ ભક્તિમય વાતાવરણની આહલાદક અનુભૂતિ અનુભવી હતી ગણેશજી ભગવાને ભક્તોનું દસ દિવસ આતિથ્ય માણ્યાબાદ રવિવારે મોડાસા શહેરના મુખ્યમાર્ગો અને રહેણાંક વિસ્તારોમાં વિસ્તારોમાં ઢોલ નાગર તેમજ ડીજે ના તાલે વિસર્જનયાત્રા નીકળતા શહેરના મોટીસંખ્યામાં નગરજનોએ ગણપતિ બાપા મોરિયા અને અગલે બરસતુ જલ્દી આના બાપ્પા મોરિયા રે બાપ્પા મોરિયા રે તેમજ ગણપતિ બાપ્પા મોરિયા પુડુચ્યા વરસી લાવકારય ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. રવિવારે બપોરના એક વાગ્યાબાદ ધીરે ધીરે ગણપતિદાદા ની પ્રતિમાઓ પંડાલમાંથી વિસર્જન તરફ પ્રયાણ થતા સ્વયંભૂ નગરજનો વિશર્જન યાત્રામાં જોડાઈ ગયા હતા વિશર્જનયાત્રા શાંતિપૂર્ણ યોજાય તે માટે મોડાસા ટાઉન પોલીસે વિશર્જનયાત્રાના માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.ગણેશજીની પ્રતિમાને વિસર્જન સમયે ભક્તોની આંખો ભીની થયી ગયી હતી અને ભારે હૈયે ભાવવિભોર બની પરત રહેઠાણ સ્થળોએ ફર્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK